RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 170* Date: 18.04.2020 * Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### અર્થતંત્રમાં પ્રાણ ફૂંકવા આરબીઆઈએ મોટી જાહેરાતો કરી

# કોરોના સંકટ: આરબીઆઈનું ૧ લાખ કરોડનું પેકેજ




*મુંબઈ,તા.૧૭*

વૈશ્વિક મહામારી કોરોના વાઈરસ સામેની લડાઈમાં લોકડાઉન અને અન્ય પરિબળોને કારણે નાણાંકિય સંકટના કારણે ધીમી પડેલી દેશની આર્થિક ગતિવિધિઓને ગતિ આપવાના પ્રયાસ રૂપે આજે શુક્રવારે સવારે મધ્યસ્થ બેંક આરબીઆઈના ગવર્નર શક્તિકાંત દાસે પ્રેસ કોન્ફરન્સ કરીને અંદાજે ૧ લાખ કરોડનું આર્થિક પેકેજ જાહેર કર્યું હતું. જે નાબાર્ડ, સિડબી વગેરેને મળશે. જેમાં ખેડૂતો-નાના ઉદ્યોગો અને બેંકના ગ્રાહકોને રાહત મળે તેમ છે. બેંકોને ૩૦ સપ્ટે.૨૦૨૦ સુધી ડિવીડન્ડ નહીં આપવા કહેવામાં આવ્યું છે. એનપીએ જાહેર કરવાની મુદતમાં વધારો કરવાની સાથે નાણાંકિય તરલતા માટે રિવર્સ રેપો રેટમાં ૦.૨૫ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે. લોકોને લોન સરળતાથી મળે તેના માટે RBIએ રિવર્સ રેપો રેટ ૨૫ બેસિસ પોઈન્ટ ઘટાડ્યો છે. હવે તે ૪થી ઘટીને ૩.૭૫ પોઈન્ટ થયો છે. આ સિવાય ૩ નાણાંકીય સંસ્થાનોને TLTRO(ટારગેટેડ લોન્ગ ટર્મ રિફાઈનન્શિંગ ઓપરેશન્સ) દ્વારા ૫૦ હજાર કરોડની મદદ આપવાની જાહેરાત કરવામાં આવી છે. રિવર્સ રેપો રેટ એ દર છે, જેની પર બેક્રોને આરબીઆઈમાં જમા પોતાની રકમ પર વ્યાજ મળે છે. જો આ દર ઘટશે તો બેક્ર આરબીઆઈની પાસે પૈસા રાખવાની જગ્યાએ લોન આપશે અને બજારમાં કેશ વધશે.

આ કાપ દ્વારા RBI બેક્રોને એ સંદેશ આપવા માંગે છે કે અમારી પાસે પૈસા જમા ન કરાવીને ગ્રાહકોને લોન આપવામાં આવે. ઉલ્લેખનીય છે કે બેક્રો RBIની પાસે એક રકમ રાખે છે. આ રકમ પર RBI તેમને વ્યાજ આપે છે. ભારતીય રિઝર્વ બેક્ર આ રકમ પર જે દરથી બેક્રોને વ્યાજ આપે છે, તેને રિવર્સ રેપો રેટ કહે છે.

ટાર્ગેટેડ લોન્ગ ટર્મ રેપો ઓપરેશન(TLTRO 2) અંતર્ગત RBIએ MFIs અને NBFCsને ૫૦ હજાર કરોડ રૂપિયાની મદદ કરવાની જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે કોરોનાના સંક્રમણના કારણે આ સૌથી કાળો સમય છે અને આપણે અજવાળા તરફ જોવાનું છે. વિશ્વને ૯ ટ્રિલિયન ડોલરનું નુકસાન થવાની શકયતા અને મોટી મંદીનું અનુમાન છે. જોકે ભારત માટે ૧.૯ ટકા જીડીપી વૃદ્ધિનું IMFનું અનુમાન જી૨૦ દેશોમાં સૌથી વધુ છે.

RBIના ગવર્નર શક્તિકાંત દાસે કહ્યું કે નાબાર્ડ, સિડબી, એનએચબીની ભૂમિકા ગ્રામીણ ક્ષેત્રો અને એનબીએફસી વગેરેના લોન પ્રવાહ માટે મહત્વપૂર્ણ છે. કોવિડ-૧૯ દરમિયાન આ સંસ્થાઓને બજારમાંથી લોન મળવામાં મુશ્કેલી છે, આ કારણે નાબાર્ડ, સિડબી, એનએચબીને ૫૦,૦૦૦ કરોડ રૂપિયાના વધારાના રીફાઈનાન્સિંગની સુવિધા અપાઈ રહી છે. આ જાહેરાતનો અર્થ એ થાય છે કે RBI ગ્રામીણ અર્થવ્યવસ્થાને ગતિ આપવા માંગે છે. જેમ કે નાની ખેતી મંડળીઓ સહિત તમામ ખેતી મંડળીઓને ખેડૂતોને ખેતી માટે ધિરાણ આપે છે. અને આ ખેતી મંડળીઓને નાબાર્ડ ધિરાણ આપે છે. આમ નાબાર્ડને ૨૫ હજાર કરોડ મળતાં તે ખેતી મંડળીને આપશે અને મંડળીઓ જે તે ખેડૂતને ધિરાણ આપી શકશે.

આ સિવાય RBIએ બેક્રોને રાહત આપતા ૩૦ જૂન સુધી NPAને લઈને મોટી છુટ આપી છે. બેક્રોએ હવે આ સમયે NPA જાહેર કરવાની રહેશે નહિ. મહત્ત્વની વાત એ છે કે આરબીઆઈએ કહ્યું કે બેક્રોને આ વર્ષે ૩૦ સપ્ટેમ્બર સુધી નાણાકીય વર્ષ માર્ચ, ૨૦૨૦ માટે ડિવિડન્ડ ચૂકવવાની પણ જરૂર નથી. RBIએ બેક્રોને વધુમાં વધુ ગ્રાહકોને EMIમાં છુટ આપવા માટે કહ્યું છે. આ સંજોગોમાં હવે EMIમાં હાલ ૩ મહિના માટે આપવામાં આવેલી છુટમાં વધારો થાય તેવી શકયતા છે.

તેમણે કહ્યું કે કોરોના વાઈરસ

### જાહેરાતના શું છે મુખ્ય મુદ્દાઃ-

બેક્રો માર્ચ ૨૦૨૦ના અંતે પૂરા થયેલા વર્ષમાં કોઈ ડિવિડન્ડ નહિ આપી શકે, એના ઉપર રોક

સૌથી વધુ જાહેરત NBFC અને ગૃહ ધિરાણ કરતી કંપનીઓ માટે

દેશની રિયલ્ટી કંપનીઓને રાહત આપવા NHB આપશે ૧૦,૦૦૦ કરોડની રિફાઈનાન્સ સુવિધા

રિવર્સ રેપો ૦.૨૫ ટકા ઘટી જતાં પોતાની ફાજલ રકમ રિઝર્વ બેંક માં જમા કરાવી જલસા કરતી બેક્રોને ફટકો રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ બેંકોને કહ્યું- આળસ છોડી ધિરાણ કરો,જરૂર પડ્યે વધારે પગલાં લેવાશે

રાજ્ય સરકારને વધુ નાણાં ઊભા કરવાની છૂટ મળી

ફેબ્રુઆરી ૨૯ સુધી સારી લોન હોય તેમાં અત્યારે હપ્તો નહિ ભરે તો NBFC ને મોરેટરિયમ મળશે, બેક્રે જોગવાઈ કરવી જ પડશે

### ગવર્નરની પત્રકાર પરિષદના અંશઃ-

કોરોનાની અસર મુદ્દે RBI સતર્ક છે આ સિવાય બેંકોના કર્મચારીઓ અને RBIના ૧૫૦ અધિકારીઓના સ્ટાફને આભાર વ્યક્ત કરૂં છું..

૨૦૨૦ વૈશ્વિક અર્થતંત્ર માટે સૌથી ખરાબ રહેશે IMFએ વૈશ્વિક GDPનો અંદાજ ઘટાડ્યો છે

TLTROનો બહોળો ઉપયોગ કરી રહ્યાં છીએ આજે વધુ ૨૫,૦૦૦ના લાંબાગાળાના બોન્ડ ખરીદાશે

વધુ ૫૦,૦૦૦ કરોડના બોન્ડનું ઓક્શન કરશે RBI

SIDBI સહિતની રાષ્ટ્રીય ફાઈનાન્સ કંપનીઓ માટે રિફાઈનાન્સિંગની જાહેરાત

૫૦,૦૦૦ કરોડ NABARD, SIDBI અને NHBને આપશે RBI

NABARDને ૨૫,૦૦૦ કરોડની સહાય, સહકારી બેંકો અને સંસ્થાને મળશે રાહત

SIDBIને પણ ૧૫,૦૦૦ કરોડની સહાય,

શિડ્યુઅલ બેંક અને અન્ય ફાઈનાન્સ કંપનીઓ માટે સહાય

દેશની રિયલ્ટી કંપનીઓને રાહત આપવા NHB આપશે ૧૦,૦૦૦ કરોડની રિફાઈનાન્સ સુવિધા

રાજ્યો માટે WMA લિમિટ વધારીને ૬૦% કરી ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૦ સુધી આ મર્યાદા વધશે

શિડ્યુલ બેંકો ડિવિડન્ડ નહિ આપી શકે

બેંકોએ લોન માટે ૧૦% વધારાનું પ્રોવિઝન કરવું પડશે

લિક્વિટી ક્રેડિટ રેશિયો LCR ૧૦૦%થી ઘટાડીને ૮૦%

ઓક્ટોબરમાં ૯૦% અને એપ્રિલ, ૨૦૨૧ સુધીમાં ૧૦૦% છૂટ

કોવિડ-૧૯ના પગલે આરબીઆઈ ખૂબ જ સક્રિય છે અને સ્થિતિની ખૂબ જ બારીકાઈથી નિરક્ષણ કરી રહી છે. કોરોના વોરિયર્સ જેમ કે ડોક્ટર, નર્સ, સોશિયલ વર્કરોએ ખૂબ જ કામ કર્યું છે. તેમણે કહ્યું કે પ્રી-મોનસૂન ખરીફની વાવણી આક્રમક કે ઝડપી રહી છે. ગત વર્ષેના એપ્રિલની સરખામણીમાં અનાજનો પાક ૩૭ ટકા રહ્યો છે. ૧૫ એપ્રિલે ભારતીય મૌસમ વિજ્ઞાન વિભાગે સામાન્ય દક્ષિણ પશ્ચિમ મોનસૂનનું પૂર્વ અનુમાન કર્યું છે.

મહત્વની વાત એ છે કે એપ્રિલની શરૂઆતમાં વ્યાજદરમાં એકાએક કાપ કરીને આરબીઆઈએ અર્થતંત્રને રાહત આપી હતી. જોકે ત્યારબાદ નાણામંત્રાલયે આપેલ EMIની રાહત માત્ર બેંકો માટે જ હતી પરંતુ, આજે હવે નોન-બેંકિંગ ફાઈનાન્સ કંપનીના લોન ધારકોને રાહત મળી શકે છે.આ સિવાય મે માસમાં NBFCનું મસમોટું પેમેન્ટ આવી રહ્યું છે જેમાં RBI ફરી SBIના સહારે રાહત આપી શકે છે. શેડો બેંકોના પેપર્સ ખરીદવા સ્ટેટ બેંકને આગળ કરી શકે છે તેવી ધારણા બાંધવામાં આવી હતી.

### ૨૪ કલાકમાં ૧૬૦૮ ટેસ્ટ કરવામાં આવ્યા,જેમાંથી ૧૫૦ પોઝિટિવ આવ્યા

# ગુજરાતમાં કોરોનાએ એક હજારનો આંક વટાવ્યો

*ગાંધીનગર,તા.૧૭*

રાજ્યમાં કોરોનાના પોઝિટિવ દર્દીઓની સંખ્યા ૧,૦૨૧ પર પહોંચી ગઈ છે. છેલ્લા ૧૨ કલાકમાં સમગ્ર રાજ્યમાં ૯૨ નવા કેસ નોંધાયા છે. જેમાં અમદાવાદના ૪૫, સુરતના ૧૪, વડોદરાના ૯, આણંદના ૧, ભરુચના ૮, બોટાદના ૩, છોટા ઉદેપુરના ૧, દાહોદના ૧, ખેડા ૧, મહિસાગર ૧, નર્મદા ૫, પંચમહાલ જિલ્લાના ૨ અને પાટણ જિલ્લાના ૧ કેસનો સમાવેશ થાય છે.

અમદાવાદમાં પણ નવા કેસોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. શહેરમાં વિતેલા ૧૨ કલાકમાં કાલુપુર, ખમાસા, રાયખડ, વટવા, ચાંદખેડા, જમાલપુર, વેજલપુર, દરિયાપુર, ખાનપુર અને નિકોલ વિસ્તારમાં નવા પોઝિટિવ કેસ નોંધાયા છે. જ્યારે સુરતમાં રાંદેર, વરાછા અને ઉધનામાં નવા કેસ સામે આવ્યા છે. વડોદાર શહેરમાં હોટસ્પોટ નાગરવાડા અને સલાબતપુરામાંથી જ નવા કેસ જોવા મળ્યા છે.

રાજયમાં છેલ્લા ૧૨ કલાકમાં બે દર્દીઓના મોત થયા છે, જેમાં એક વડોદરા અને બીજા અમદાવાદના રહેવાસી હતા. આ બંને દર્દ હાયપર ટેન્શનની બીમારી પણ ધરાવતા હતા. હાલ જુદી-જુદી હોસ્પિટલોમાં કુલ ૯૦૧ દર્દીઓ સ્ટેબલ છે, જ્યારે વેન્ટીલેટર સપોર્ટ પર હોય તેવા દર્દીઓની સંખ્યા ૮ છે. રાજયમાં અત્યારસુધી ૭૪ દર્દીઓ સાજા થઈ ઘરે ગયા છે, જ્યારે ૩૮ના મોત થયા છે.

અમદાવાદ બાદ સુરત અને વડોદરામાં પણ પોઝિટિવ કેસોની સંખ્યા ૧૦૦ને પાર થઈ ગઈ છે. અમદાવાદમાં કુલ ૫૯૦ દર્દી નોંધાયા છે, જ્યારે વડોદરામાં ૧૩૭, સુરતમાં ૧૦૨ દર્દીનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. કોરોના હવે રાજ્યના ૨૫ જિલ્લામાં ફેલાઈ ચૂક્યો છે, અને મહીસાગર, અરવલ્લી, સાબરકાંઠા, મોરબી, જામનગર જેવા જિલ્લામાં પણ ૧-૧ કેસ નોંધાયા છે.

ઉલ્લેખનીય છે કે, અમદાવાદના મ્યુ. કમિશનરે ગઈકાલે જ જણાવ્યું હતું કે કોરોનાના ટેસ્ટની સંખ્યા વધારાઈ હોવાથી શહેરમાં રોજના ૧૦૦ જેટલા કન્ફર્મ કેસ સામે આવી શકે છે. રાજ્યના વિવિધ જિલ્લામાં વિતેલા ૨૪ કલાકમાં ૧,૬૦૮ લોકોના ટેસ્ટ કરાયા છે, જેમાંથી ૧૫૦ના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે, અને ૧૪૫૮નો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે.દિવસે દિવસે વધતો જતો કોરોનાનો કહેર ક્યારે શાંત થશે તે અંગે કઈ પણ કહેવું મુશ્કેલ છે. સતત વધી રહેલા આ રોગચાળા વચ્ચે તંત્રની કડક કાર્યવાહી અતિ આવશ્યક છે. વડોદરામાં મોડી રાત્રે એક યુવકનું અને અરવલ્લીમાં પ્રથમ દર્દીનું મોત નીપજતાં કુલ મૃત્યાંક ૩૮ થયો છે. રાજકોટમાં વધુ એક પોઝિટિવ કેસ આવ્યો છે. દરમિયાન મોડી રાત્રે ભરૂચમાં વધુ ચાર કેસ પોઝિટિવ આવ્યા છે. જેમાં ભરૂચ સિવિલ હોસ્પિટલમાં ફરજ નિભાવતી મહિલા સિક્યુરિટી ગાર્ડ અને ૧૬ વર્ષના એક કિશોરનો પણ સમાવેશ થાય છે.અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર વિજય નહેરાએ આજે એક મોટી હકીકતથી લોકોને અવગત કરાવ્યા હતા. ત્યારબાદ તેમણે જણાવ્યું છે કે, અમદાવાદમાં કોરોનાનો પહેલો દર્દી હજુ પણ હોસ્પિટલમાં દાખલ છે. ૩૫ દિવસ પછી પણ ચેપ હજુ દૂર થયો નથી. આખા ભારતમાં કોરોના વાયરસનો આવો કેસ નોંધાયો નથી. આ પોઝિટીવ દર્દીની જાણ કેન્દ્ર સરકારને કરી દેવામાં આવી છે. પીએમ મોદીને આ ઘટનાથી અવગત કરી દેવામાં આવ્યા છે. તેમણે ઉમેર્યું છે કે, અમદાવાદમાં સામે ચાલીને કેસ શોધતા ઘણી સફળતા મળી છે. એક મહિનામાં ૫૦૦ કેસ શોધાયા છે, સર્વેના કારણે ૨ લાખ કેસો ઓછા કર્યા છે. બીજી બાજુ કોરોનાને લગતી ઘણી માન્યતાઓ ખોટી સાબિત થઈ રહી છે. મનુષ્યોમાં ફેલાયેલો કોરોના વાઈરસ પડકારજનક છે અને તેની દરરોજ નવી માહિતી બહાર આવી રહી છે.




ભુવનેશ્વરમાં દેશવ્યાપી લોકડાઉન દરમિયાન માઈમ કલાકાર ચિત્તા રંજન સત્પથી, કોરોનાવાયરસ પર લોકોને જાગૃત કરવા માટે મૌન નાટક રજૂ કરે છે.

# અમેરિકાએ ભારતને ૪૫ કરોડ રૂપિયાની સ્વાસ્થ્ય સહાયતા આપી

*ન્યૂયોર્ક/ન્યુ દિલ્હી,તા.૧૭*

કોરોના વાયરસ સામે લડાઈમાં ભારતે હાઈડ્રોક્સીક્લોરોક્વીન મોકલીને જે રીતે સુપર પાવર અમેરિકાની મદદ કરી તે ખરેખર પ્રશંસાપાત્ર હતી. આ કડીમાં અમેરિકા ભારતની મદદ માટે આગળ આવ્યું છે. અમેરિકાએ કોરોના વાયરસના સંક્રમણને રોકવા માટે ભારતને સ્વાસ્થ્ય સહાયતાના રૂપમાં લગભગ ૫.૯ મિલિયન ડોલર પ્રદાન કર્યાં છે. આ જાણકારી અમેરિકાના વિદેશ મંત્રાલયે આપી છે. અમેરિકાના વિદેશ મંત્રાલયે કહ્યું કે, આ રકમનો ઉપયોગ ભારતમાં કોરોના પીડિતોની મદદ, બીમારીથી જોડાયેલા જાગરૂકતા અભિયાન અને તેના નિવારણ માટે શોધમાં કરવામાં આવશે. તેમણે કહ્યું કે આ રકમનો ઉપયોગ કટોકટીની તૈયારી માટે કરવામાં આવશે.

આ અમેરિકા દ્વારા ભારતને પાછલા ૨૦ વર્ષથી આપવામાં આવી રહેલી ૨.૮ બિલિયન ડોલરની સહાયતા રકમનો ભાગ છે જેમાં ૧.૪ બિલિયન ડોલર સ્વાસ્ત્ય સહાયતાના રૂપમાં આપવામાં આવે છે. વિદેશ મંત્રાલય અને યૂએસ એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલોપમેન્ટે હવે સ્વાસ્થ્ય કટોકટી, માનવીય અને આર્થિક સહાયતા માટે આશરે ૫૦૮ મિલિયન ડોલર ખર્ચ કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. વિશ્વભરના સમુદાયોને મહામારીનો સામનો કરવામાં અમેરિકા પહેલાથી બહુપક્ષીય અને બિન સરકારી સંગઠનો (એનજીઓ)ને સહાયતા રકમ પ્રદાન કરતું આવ્યું છે. આ રકમ અત્યાર સુધીની સૌથી વધુ રમક છે.

### ૧૭૪૮ લોકોએ કોરોનાને હરાવ્યો, ૪ દિવસમાં સ્વસ્થ થનારા દર્દીઓ વધ્યા

# દેશમાં કોરોનાના કેસો વધીને ૧૩૩૦૦થી વધુઃ ૪૩૭ લોકોનો ભોગ લેવાયો

*ન્યુ દિલ્હી,તા.૧૭*

ચીનથી સમગ્ર વિશ્વમાં ફેલાયેલો કોરોના વાઈરસે ભારતમાં લગભગ દરેક રાજ્યોને પોતાની ચપેટમાં લઈ લીધા છે. દેશભરમાં કોરોના વાઈરસના પોઝિટિવ કેસોની સંખ્યા વધીને હવે ૧૩૩૮૭ થઈ ગઈ છે, જ્યારે ૪૩૭ લોકોના મોત નીપજ્યાં છે.

સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા રજૂ કરવામાં આવેલા આંકડા પ્રમાણે, છેલ્લા ૨૪ કલાકમાં ૧૦૦૦ કોરોનાના નવા કેસો નોંધાયા છે, જ્યારે ૨૪ લોકોએ પોતાના જીવ ગુમાવ્યાં છે. આ બધા વચ્ચે એક રાહતના સમાચાર છે કે, છેલ્લા ૪ દિવસમાં કોરોનાના દર્દીઓના સ્વસ્થ થવાની સંખ્યામાં ઝડપથી વધારો થઈ રહ્યો છે.

સ્વાસ્થ્ય મંત્રાલયના રિપોર્ટ પ્રમાણે, શુક્રવારે કોરોના વાઈરસના શિકાર દર્દીઓમાં સ્વસ્થ થવાનો દર ૧૩.૬ ટકા હતો, જ્યારે ગુરૂવારે તે ૧૨.૨ ટકા હતો. આ પ્રકારે બુધવારે ૧૧.૪૧ ટકા અને મંગળવારે ૯.૯ ટકા નોંધવામાં આવ્યો હતો. કોરોનાના દર્દીઓ ઝડપથી સ્વસ્થ થઈ રહ્યાં છે, તે ભારત માટે સારા સંકેત છે.

સ્વાસ્થ્ય મંત્રાલયમાં આંકડા પ્રમાણે, ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાઈરસથી ૨૬૦ લોકો સંપૂર્ણ સ્વસ્થ્ થઈ ચૂક્યાં છે અને તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. જ્યારે ગુરૂવારે આ સંખ્યા ૧૮૩ હતી. શુક્રવારે રજૂ કરવામાં આવેલા રિપોર્ટ પ્રમાણે અત્યાર સુધી દેશભરમાં ૧૭૪૮ લોકો કોરોનાને હરાવીને સ્વસ્થ થઈ ચૂક્યા છે.

જો રાજયો પ્રમાણે વાત કરીએ તો, કેરળમાં અત્યાર સુધી સૌથી વધુ દર્દીઓ સ્વસ્થ થઈને પોતાના ઘરે જઈ ચૂક્યાં છે. કેરળમાં કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યા ૬૪૩ છે. કહેવાય છે કે, અત્યાર સુધી ૨૪૫ લોકો બીમારીમાંથી સ્વસ્થ થઈ ચૂક્યાં છે. મહારાષ્ટ્રમાં કોરોનાના સૌથી વધુ ૩૨૦૫ કેસો પોઝિટિવ છે. જેમાંથી ૩૦૦ લોકો સંપૂર્ણ સ્વસ્થ થયા બાદ ઘરે મોકલવામાં આવ્યા છે. ઉત્તર પ્રદેશમાં કોરોનાના ૮૯૨ પોઝિટિવ કેસ છે. જેમાં ૭૪ લોકો સંપૂર્ણ સ્વસ્થ થઈ ચૂક્યા છે.

સેના પ્રમુખ નરવણેએ શુક્રવારે જણાવ્યું કે, સેના માં હજુ સુધી સંક્રમણના માત્ર ૮ કેસ સામે આવ્યા છે, જેમાંથી ૨ ડોક્ટર્સ છે. ૧ નર્સિંગ આસિસટન્ટ છે, જ્યારે ૪ અન્ય લોકોને પણ ઘણો આરામ છે. લદ્દાખમાં એક કેસ આવ્યો હતો. તે દર્દી પુરી રીતે સ્વસ્થ થઈ ગયો છે અને તેને ડ્યૂટી પણ જોઈન કરી લીધી છે.

## તંત્રી સ્થાનેથી...

# ચીન બેઅસર પણ ભારતમાં ફફડાટ

ટ્રમ્પ ભારત આવ્યા ત્યારે ફેબ્રુઆરી મહિનો હતો. દુનિયામાં કોરોનાની ગર્જનાઓ ભીષણ અવાજે સંભળાવા લાગી હતી. પરંતુ ફેબ્રુઆરીમાં આપણા રાજનેતાઓ પહેલા દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં વ્યસ્ત હતા અને પછી ડોનાલ્ડ ટ્રમ્પની આગતા-સ્વાગતામાં ગળાડૂબ હતા એટલે કોરોના તરફ ધ્યાન આપી શકાયું નહિ. વિશ્વ આરોગ્ય સંસ્થાએ ચીનના પાડોશી તરીકે સાવધ રહેવા અને એડવાન્સ તૈયારી કરવા ભારત સરકારને નોટીસ પણ ફેબ્રુઆરીમાં જ પાઠવી દીધી હતી. મિસ્ટર ટ્રમ્પ જ્યારે સાબરમતી નદીના કિનારે પહોંચ્યા ત્યારે તાઈવાને એરપોર્ટ પર કોરોના પ્રિવેન્ટિવ સ્ક્રીનિંગ શરૂ કરી દીધું હતું અને સિંગાપોર અને દક્ષિણ કોરિયાએ પોતાની સરહદો સિલ કરી દીધી હતી. એટલે ભારત સરકારના હાથમાંથી ફેબ્રુઆરી મહિનો તો વ્યર્થ સરી ગયો. ભારતમાં પહેલો કેસ કેરળમાં ત્રીસમી જાન્યુઆરીએ કેરળમાં નોંધાયો હતો. આજે કોરોના કેસની સંખ્યા દેશમાં નવ હજાર થવા આવી છે. જે ફેબ્રુઆરી મહિનો ભારત સરકારના હાથમાંથી સરી ગયો એ હજુ પણ આગળ જતા સરકારની બહુ મોટી અને અતિશય ગંભીર ભૂલ ગણાશે. ભારત સરકાર માટે છતાં દુનિયાનો અભિપ્રાય સારો એટલે છે કે જાગ્યા ત્યારથી સવાર માનીને આક્રમક પગલા લેવાની શરૂઆત કરવામાં આવી.અમેરિકાના આર્થિક સમીકરણોમાં દરેક વિકાસશીલ અને વિકસિત દેશ મહત્ત્વનું પદ ભોગવે છે, જેમાં ભારતનું સ્થાન સૌથી ઊંચું છે. ઓસ્ટ્રેલિયા એના દાવાનળની આગ પણ ઠારી શક્યું નહીં ત્યાં કોરોનાના ભરડાએ તેમનું અર્થતંત્ર ખલાસ કરી નાખ્યું, ત્યાં ચેપ બહુ ફેલાયો ન હોવા છતાં ! અમેરિકાના સગા ભાઈ જેવા દેશ કેનેડાની હાલત પણ નબળી છે અને અમેરિકાના માસિયાઈ ભાઈ જેવું આખું યુરોપ પડી ભાંગ્યું છે. બ્રિટનના વડા અને પ્રિન્સ બંને કોરોના વાઈરસની હડફેટે ચડી ગયા છે. વૈશ્વિક સ્તર પર આંચકા સાથે પણ સ્થિરગતિએ ચાલતા અર્થતંત્રની ધરીની ધૂંસરી ભાંગી પડી છે. તેની સૌથી પહેલી અસર ભારતને થઈ રહી છે. કારણ કે અમેરિકા સાથે સંબંધો નાજુક હોય તો પણ તે દેશ સાથે ભારતના નિકાસ અને આયાતના વ્યવહારો હંમેશા ઊંચા રહ્યા છે. કોરોના રોગચાળાએ તે વ્યવહારમાં ફરજિયાતપણું લાવી દીધું જેને પગલે આપણે મેલેરિયાની દવા હાઈડ્રોક્સીક્લોરોકવીન મોકલવી પડી.વૈશ્વિક મહામારીમાં જો કોઈ એક દેશના અર્થતંત્રને ખાસ ફટકો ન પડયો હોય તો તે દેશનું નામ છે ખુદ ચાઈના. ચાઈના એ જ દેશ છે જેણે આખા વિશ્વને અભિશાપરૂપે અગમ્ય વાયરસ આપ્યો. વુહાન પ્રાંત ખુલી ગયો છે અને ચાઈનીઝ કારખાનાઓ ધમધમવા લાગ્યા છે. વર્લ્ડ બેંક અને આઈએમએફ જેવી માતબર સંસ્થાઓના ચીનના અર્થતંત્ર વિશેના તાજેતરના આંકડા ફક્ત ચોંકાવનારા જ નથી, આઘાત આપનારા પણ છે. ચીનના વાર્ષિક ઘરેલુ ઉત્પાદનમાં ખાસ ફરક નહીં પડે એવું નિષ્ણાતોનું માનવુ છે. ઉત્પાદનનું હબ બની ગયેલું ચાઈના પહેલા જેટલી ઝડપે જ આખી દુનિયાને માલ પહોંચાડવા મંડશે એવી નિષ્ણાતોની પાક્કી ગણતરી છે. તે દેશના વાષક વિકાસદરમાં ૦.૫ પ્રતિશત કરતા વધુ ઘટાડો નથી આવ્યો.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૧૮/૦૪/૨૦૨૦, શનિવાર, ચૈત્ર વદ-૧૧
સૂર્યોદય-૬-૨૬, સૂર્યાસ્ત-૭-૦૭, જૈન નવકારશી-૭-૫૪,
આજની રાશિ : કુંભ (ગ.સ.શ.), નક્ષત્રઃ શતતારા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

**- શુભ ચોઘડીયા -**
૮-૧૧ થી શુભ-૯-૩૬ સુધી, ૧૨-૪૬થી ચલ-લાભ-અમૃત-૧૭-૩૨ સુધી, ૧૯-૦૭ થી લાભ-૨૦-૩૨ સુધી, ૨૧-૫૬ થી શુભ-અમૃત-ચલ-૨૬-૧૧ સુધી

**- શુભ હોરા-**
૭-૨૯થી ૮-૩૨ સુધી, ૧૦-૩૯થી ૧૩-૫૦ સુધી, ૧૪-૫૩ થી ૧૫-૫૭ સુધી, ૧૮-૦૪ થી ૨૦-૫૯ સુધી

## દૈનિક રાશીફળ

તા.૧૮-૦૪-૨૦૨૦ શનિવાર

**મેષ (અ.લ.ઈ.) :-** તમારો યોજનાબદ્ધ કાર્યક્રમ ચાલતો હોય બપોરથી તમારુ બજેટ ખોરવાઈ જાય તેવા ખર્ચા થાય ને કાર્યો અટકે

**વૃષભ (બ.વ.ઉ.) :-** તમારા કાર્યક્ષેત્રની જંજાળોમાં ફસાયેલા હોય બપોરથી મનગમતી પ્રવૃત્તિ હાથમાં આવતા ઉત્સાહને પ્રસન્નતા વધે.

**મિથુન (ક.છ.ઘ.) :-** તમારી ગણતરી મુજબ કાર્ય થતાં દેખાય. બપોરથી વિરોધીની હેરાનગતિ વધતા અણધાર્યા ખર્ચ થાય. ચિંતા પ્રવર્તે

**કર્ક (ડ.હ.) :-** તમારા વિચારોને સાકાર કરવાનો સમય આવી ગયો છે. તમારી મહેનત ખીલી ઉઠે ને બપોરથી આર્થિકસ વળતર મેળવો.

**સિંહ (મ.ટ.) :-** તમારી તબિયતમાં ધીરે ધીરે સુધારો થાય. બપોરથી કાર્યક્ષેત્રે નિયમિતતા જળવાય ને કાર્ય પૂરા કરવામાં વ્યસ્ત રહો.

**કન્યા (પ.ઠ.ણ.) :-** તમારી તબિયતને કારણે આરામ કરવો પડે. રોજિંદા રૂટિન કાર્ય અટકી જાય. બપોરથી ભાગ્ય સાથ ન આપે તેવું લાગે.

**તુલા (ર.ત.) :-** તમારા કાર્યક્ષેત્રે બધુ બરાબર ચાલતુ હોય. બપોરથી ખોટા વિવાદોમાં ફસાઈ જતાં માનહાનિનો પ્રસંગ ઉદ્ભવે.

**વૃશ્ચિક (ન.ય.) :-** તમે શિસ્તના આગ્રહી હોવાથી કાર્ય વ્યવસ્થિત પુરા થાય. ઓળખાણને કારણે કાર્યમાં ફાયદાવાળા ઓર્ડરો મેવળો.

**ધન (ભ.ધ.ફ.ઢ.) :-** તમારા વર્તુળમાંથી તમારી બાદબાકી થઇ જાય. કાર્યક્ષેત્રે ભવિષ્યનું આયોજન બનાવો. સફળ રહો.

**મકર (ખ.જ.) :-** તમે કાર્યનાં બોજા હેઠળ દબાયેલા હોય બપોરથી મહત્વના કાર્યો અધુરા રહેતા પીછેહઠ કરવી પડે.

**કુંભ (ગ.શ.સ.) :-** તમારા રૂટિન કાર્યમાં અલગથી કમાણી થાય. શારીરિક માનસિક અસ્વસ્થતા રહેતા ઉદ્વેગ પ્રવર્તે

**મીન (દ.ચ.ઝ.) :-** તમારા મનની અસ્થિરતાને કારણે કામકાજ ગુમાવો, બપોરથી આત્મવિશ્વાસ કેળવો. યોગ્ય નિર્ણય લઇ આગળ વધો.

# જીલેડ કંપનીની દવાના કોવિડ૧૯માં આશાસ્પદ પરિણામોને પગલે અમેરિકી બજારોમાં તરખાટ




વોશિંગ્ટન,તા.૧૭

કોવિડ-૧૯ની દવા શોધવા માટે વિશ્વભરની દવા કંપનીઓમાં જામેલી હોડ વચ્ચે અમેરિકી બાયોટેક કંપની જીલેડની રેમડેસિવિરનાં શિકાગોમાં દર્દીઓ પર થયેલા પ્રયોગોમાં આશાસ્પદ પરિણામો મળ્યાનો દાવો થયો છે. આ દાવાના કારણે વિશ્વભરનાં ફાર્મા બાયોટેક સેક્ટરમાં ભારે ચર્ચા જાગી છે. બીજી તરફ જીલેડ કંપનીના શેરમાં ૧૬ ટકાનો ઉછાળો આવ્યો હતો અને સાથે સાથે ડાઉ જોન્સ ફ્યુચર્સમાં પણ ઉછાળો નોંધાયો હતો. જોકે, સંખ્યાબંધ નિષ્ણાતોએ એવો મત વ્યક્ત કર્યો છે કે આ દવાની અસકારકતા વિશે કોઈપણ અભિપ્રાય બાંધી લેવાની ઉતાવળ કરવા જેવી નથી અને હજુ વધુ ક્લિનિકલ ટ્રાયલ્સની જરૂર છે.

યુનિવર્સિટી ઓફ શિકાગોના તબીબી સંશોધકોએ જણાવ્યું હતું કે તેમણે ૧૨૫ દર્દીઓને જીલેડની રેમડેસિવિર દવા ક્લિનિકલ ટ્રાયલના ભાગરૂપે આપી હતી. મેડિકલ ન્યૂઝ સાઈટ સ્ટેટ ન્યૂઝના અહેવાલ અનુસાર શિગારો યુનિવર્સિટીમાં બે તબક્કામાં યોજાયેલી ત્રણ ક્લિનિકલ ટ્રાયલમાં ૧૨૫ દર્દીઓને આ દવા અપાઇ હતી. તેમાંથી ૧૧૩ દર્દીઓને બહુ સિવિયર ઈન્ફેક્શન હતું. શિકાગો યુનિવર્સિટીના સંશોધકો વચ્ચે એક ચર્ચાનો વીડિયો સ્ટેટ ન્યૂઝ દ્વારા મેળવવામાં આવ્યો છે. તેમાં આ નિષ્ણાતોને એમ કહેતા ટાંકવામાં આવ્યા છે કે આ દવા અપાયા બાદ સંખ્યાબંધ દર્દીઓનો તાવ ઘટ્યો હતો અને કેટલાય દર્દીઓને વેન્ટિલેટર સપોર્ટમાંથી બહાર આવી ગયા હતા. દર્દીઓની શ્વાસ સંબંધી તકલીફોમાં પણ ઘટાડો જોવા મળ્યો હતો. જોકે, આ ટ્રાયલ દરમિયાન બે દર્દીનાં મોત થયાં હતાં પરંતુ મોટાભાગના દર્દી સાજા થઇ ચૂક્યા હતા. આમ, યુનિવર્સિટીના કોઇ સત્તાવાર અહેવાલ નહીં પરંતુ એક આંતરિક ચર્ચાનો વીડિયો બહાર આવ્યો છે. ફાર્મ તથા એપિડેમોલોજી સેક્ટરના નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે હજુ તો ક્લિનિકલ ટ્રાયલ ચાલુ રહી છે તેની અધવચ્ચે થયેલી કેટલીક ચર્ચાના આધારે કોઇ આખરી તારણ પર આવી જવાનું ઉતાવળિયું ગણાશે.

આ દવાની એક ટ્રાયલ વિશ્વભરમાં તીવ્ર ચેપ ધરાવતા ૨૪૦૦ દર્દીઓ પર ચાલી રહી છે. બીજી ટ્રાયલ વિશ્વભરમાં માઈલ્ડ ચેપ ધરાવતા ૧૬૦૦ દર્દીઓ પર ચાલી રહી છે. ગયા માર્ચથી શરૂ થયેલી આ ટ્રાયલ આગામી મે માસ સુધી ચાલવાની છે.

આ અહેવાલના સંદર્ભમાં જીલેડ કંપનીએ એટલું જ જણાવ્યું છે કે અમે હજુ હાલ ચાલી રહેલી ટ્રાયલ્સના પૂરતા ડેટાની રાહ જોઇ રહ્યા છીએ.

### અમેરિકામાં બે કરોડથી વધારે લોકોએ બેરોજગારી ભથ્થા માટે અરજી કરી

# દુનિયા કોરોનાની ચપેટમાંઃ ચીનના વુહાનમાં વધુ ૧૨૯૦ લોકોના મોત

બેઈજિંગ/લંડનતા.૧૭

વિશ્વભરમાં કોરોનાના ૨૧.૮૩ લાખ કેસ નોંધાઈ ચૂક્યા છે. અત્યાર સુધીમાં ૧.૪૬ લાખ લોકોએ જીવ ગુમાવ્યો છે અને ૫.૪૮ લાખ લોકોને સારવાર પછી રજા આપવામાં આવી છે.અમેરિકામાં બે કરોડથી વધારે લોકોએ બેરોજગારી ભથ્થા માટે અરજી કરી છે.

ચીનના વુહાનમાં સંક્રમિતો અને મૃતકોના નવા આંકડા જાહેર કરાયા છે. વુહાનમાં પોઝિટિવ કેસની સંખ્યા ૩૨૫ વધીને ૫૦ હજાર ૩૩૩ થઈ ગઈ છે. જ્યારે મૃત્યુઆંક ૧૨૯૦ વધીને ૩૮૬૯ થયો છે. વુહાન નગરપાલિકા દ્વારા આ આંકડા જાહેર કરાયા છે. બીજી તરફ સંક્રમણના ભયના કારણે મ્યાનમાર સરકારે ૨૫ હજાર કેદીઓને છોડવાનો નિર્ણય કર્યો છે.

અમેરિકાના રાષ્ટ્રપતિએ અમુક રાજયમાંથી પ્રતિબંધો હટાવવાનની જાહેરાત કરી છે. તેમણે રાજ્યોના ગવર્નર સાથે વાત કરીને આ જાહેરાત કરી છે. તે માટે નવી ગાઈડલાઈન પણ બનાવવામાં આવી છે. તેમના મતે ઓછા સંક્રમણવાળા વિસ્તારમાં શનિવારે ધીમે ધીમે પ્રતિબંધોમાં છૂટછાટ અપાશે. જ્યા વધારે કેસ છે ત્યાં પહેલાની જેમ પ્રતિબંધો ચાલુ રહેશે. જો કે ટ્રમ્પે કહ્યું કે આ અંગે નિર્ણય રાજ્યોના ગવર્નર લેશે.

સ્પેનમાં છેલ્લા ૨૪ કલાકમાં ૫૦૦થી વધારે લોકોએ જીવ ગુમાવ્યા છે. અહીં કુલ કેસ ૧.૮૫ લાખ અને મૃત્યઆંક ૧૯ હજાર ૩૧૫ નોંધાયો છે.ઈટાલીમાં કુલ પોઝિટિવ કેસ ૧.૬૯ લાખ નોંધાયા છે. જ્યારે અત્યાર સુધીમાં ૨૨ હજાર ૧૭૦ લોકોએ જીવ ગુમાવ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં અહીં ૫૨૫ લોકોએ જીવ ગુમાવ્યા છે. યુરોપમાં ૧૦.૧૫ લાખ કેસ નોંધાયા છે અને ૯૨ હજારથી વધારે લોકોએ જીવ ગુમાવ્યો છે. યુરોપમાં સૌથી વધારે મોત ઈટાલીમાં થયા છે.

આયરલેન્ડના પ્રધાનમંત્રી લિયો વેરાડકરે કહ્યુ કે દેશમાં કોરોનાને લઈને લગાવવામાં આવેલા પ્રતિબંધો ધીમે ધીમે હટાવવામાં આવશે. તેઓએ દેશની સંસદમાં કહ્યું કે સરકાર હાલ દાવા સાથે નથી કહેતી કે પાંચ મેના રોજ પ્રતિબંધો હટી જશે. ૨૭ માર્ચે અહીં લોકડાઉનની જાહેરાત કરાઈ હતી. અહીં કોરોનાનો પ્રથમ કેસ ફેબ્રુઆરીમાં સામે આવ્યો હતો. આયરલેન્ડમાં ૧૩ હજાર ૨૭૧ પોઝિટિવ કેસ અને ૪૮૬ લોકોના મોત થયા છે.

કોરોનાના સંક્રમણ રોકવા માટે બ્રિટનનમાં લોકડાઉનને ત્રણ સપ્તાહ વધારમાં આવ્યું છે.અહીં પહેલા ૨૫ દિવસના લોકડાઉનની જાહેરાત કરાઈ હતી. બ્રિટનમાં પોઝિટિવ કેસ એક લાખથી વધુ નોંધાયા છે અને ૧૩ હજાર ૭૨૯ લોકોના મોત થયા છે.

# કોરોના સંકટઃ વિદેશમાં ફસાયેલા ૩૩૦૦ ભારતીયોને કોરોના પોઝિટીવ, ૨૫ના મોત

ન્યુ દિલ્હી,તા.૧૭

કેન્દ્ર સરકરાના ડેટા મુજબ હાલ વિદેશોમાં રહેલા ૩૩૩૬ જેટલા ભારતીય નાગરિકોમાં કોરના સંક્રમણ પોઝિટિવ મળ્યાના અહેવાલ આવ્યા છે. તેમજ ૨૫ વ્યક્તિ આ વાયરસ સંક્રમણના કારણે મોતને ભેટ્યા છે. સરકારી સૂત્રો મુજબ આ પૈકી મોટાભાગના સંક્રમિત દર્દીઓ કુવૈત અને સિંગાપોરમાં છે. તે ઉપરાંત ૫૩ જેટલા અન્ય દેશોમાં પણ કેટલાક ભારતીય નાગરિક સંક્રમિત હોવાનું સામે આવ્યું છે.

સામે આવેલા આંકડા મુજબ કુવૈતમાં ૭૮૫ ભારતીય નાગરિકો કોરનાથી પીડિત છે. જયારે સિંગાપોરમાં ૬૩૪ અને કતારમા ૪૨૦ જેટલા ભારતીય નાગરિકો કોરોના પોઝિટિવ મળી આવ્યા છે. તે બાદ ઈરાનમાં ૩૦૮, ઓમાનમાં ૨૯૭, ેછઈમાં ૨૩૮, સાઉદી અરેબમાં ૧૮૬ અને બહરિનમાં ૧૩૫ ભારતીયો સંક્રમિત છે.

આ લિસ્ટમાં ઈટલીમાં ૯૧, મલેશિયામાં ૩૭, પોર્ટુગલમાં ૩૬, ઘાનામાં ૨૯ અને અમેરિકામાં ૨૪ ભારતીયો કોરોના પોઝિટિવ મળી આવ્યા છે. જયારે સ્વિટ્ઝરલેન્ડ અને ફ્રાંસમાં અનુક્રમે ૧૫ અને ૧૩ ભારતીય નાગરિકો પોઝિટિવ હોવાનું સામે આવ્યું છે. અન્ય કેટલાક દેશોની જેમ ભારતે પણ વિદેશમાં રહેલા પોતાના નાગરિકોને એરલિફ્ટ કરવાનું માંડી વાળ્યું છે.

# જમ્મુ-કાશ્મીરમાં જવાનો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ, બે આતંકી ઠાર



જમ્મૂ,તા.૧૭

એક તરફ દુનિયામાં કોરોના વાયરસ સામે જંગ લડી રહી છે, ત્યાં બીજી તરફ આતંકવાદીઓ પોતાની નાપાક કરતૂતો કરવામાંથી ઉંચા જ નથી આવી રહ્યા. એક તરફ જ્યાં સમગ્ર દેશ કોરોનાને પછાડવા માટે જંગ કરી રહ્યો છે ત્યાં બીજી તરફ જમ્મુ-કાશ્મીરમાં દેશના જવાનો આતંકવાદીઓ સાથે લડી રહ્યા છે. આતંકવાદીઓ અને જવાનો વચ્ચેની અથડામણમાં સેનાએ બે આતંકવાદીઓને ઠાર કરવામાં સફળતા મળી છે. તેમજ અત્યારે વિસ્તારમાં બીજા આતંકવાદીઓ છુપાયા હોવાની ભાળ મળતા જવાનોએ સર્ચ ઓપરેશન પણ હાથ ધર્યું છે. પ્રાપ્ય જાણકારી પ્રમાણે અથડામણ દક્ષિણ કાશ્મીરના દાઈરુ શોપિયાં વિસ્તારમાં ચાલી રહી હતી. ત્યાં હજી પણ બે-ત્રણ આતંકવાદીઓ છુપાયા હોવાની આશંકા છે. હાલમાં જમ્મુ-કાશ્મીર પોલીસ, ભારતીય સેના અને સીઆરપીએફની સંયુક્ત ટીમે આતંકવાદીઓ છુપાયા છે તે વિસ્તારને સંપૂર્ણ રીતે ઘેરી લીધો છે. આ અગાઉ ગુરૂવારના રોજ પણ સીમા પર પાકિસ્તાને એક પછી એક બે જગ્યાઓ પર સીઝફાયરનો ભંગ કર્યો હતો.

# આરબીઆઈનું ૧ લાખ કરોડનું પેકેજઃ સેન્સેકસ ૯૮૬ અંક પ્લસ

*મુંબઈ,તા.૧૭*

સપ્તાહના અંતિમ દિવસે શેરબજાર વધીને બંધ રહ્યું હતું. સેન્સેક્સ ૯૮૬ અંક વધીને ૩૧૫૮૮ પર બંધ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૨૭૩ અંક વધીને ૯૨૬૬ પર બંધ રહ્યો હતો. સેન્સેક્સ પર એક્સિસ બેંક, આઈસીઆઈસીઆઈ બેંક, મારૂતિ સુઝુકી અને ટીસીએસ સહિતના શેર વધીને બંધ રહ્યાં હતા. જોકે નેસ્લે, એચયુએલ, ટેક મહિન્દ્રા, સન ફાર્મા અને ટાઈટન કંપનીના શેર ઘટીને બંધ રહ્યાં હતા.ગુરુવારે ભારતની સાથે વિશ્વભરના બજારો વધાર સાથે બંધ થયા હતા. અમેરિકાના બજાર ડાઉ જોન્સ ૦.૧૪ ટકા વધારા સાથે ૩૩.૩૩ અંક વધી ૨૫,૫૩૭.૭૦ પર બંધ થયા હતા. જ્યારે અમેરિકાના બીજા બજાર નેસ્ડેક ૧.૬૬ ટકા વધારા સાથે ૧૩૯.૧૯ અંક વધી ૮,૫૩૨.૩૬ પર બંધ થયા હતા. બીજી તરફ એસએન્ડપી ૦.૫૮ ટકા વધારા સાથે ૧૬.૧૯ અંક વધી ૨,૭૯૯.૫૫ પર બંધ થયો હતો. ફ્રાન્સ, કેનેડાના બજારોમાં પણ ઘટાડો જોવા મળ્યો હતો. જોકે ચીનનો શંઘાઈ કમ્પોઝિટ ૦.૭૯ ટકા વધારા સાથે ૨૩.૨૫ અંક વધી ૨,૮૪૨.૨૮ પર બંધ થયો હતો. કોવિડ-૧૯થી ધીમી પડેલી આર્થિક ગતવિધિઓ માટે શુક્રવારે આરબીઆઈ ગવર્નર શક્તિકાંત દાસે પ્રેસ કોન્ફોરન્સ કરી હતી. શક્તિકાંત દાસે કહ્યું કે ૫૦,૦૦૦ કરોડ રૂપિયાની કિંમતના TLTRO ૨.૦ને લોન્ચ કરશે. તેમણે કહ્યું કે કોરોના સંક્રમણના કારણે આ સૌથી કાળો સમય છે અને આપણે અજવાળા તરફ જોવાનું છે. તેમણે કહ્યું કે ભારત માટે ૧.૯ ટકા જીડીપી વૃદ્ધિનું IMFનું અનુમાન ૨૨૦ દેશોમાં સૌથી વધુ છે અને સાથે જ બેંક્રોએ ઉચિત કાર્ય કરવાનું નક્કી કર્યું છે.

### ૧૯૭૬ બાદ પ્રથમ વાર જીડીપીમાં આટલો મોટો ઘટાડો નોંધાયો

# કોરોનાએ ચીનની કમર તોડી નાંખીઃ જીડીપી દર ૬.૮ ટકા ઘટ્યો

બેઈજિંગ,તા.૧૭

ચીનના જીડીપીમાં ૧૯૭૬ની વિનાશકારી સાંસ્કૃતિક ક્રાંતિ બાદથી અત્યાર સુધીનો મોટો ઘટાડો નોંધાયો છે. વર્ષ ૨૦૨૦ના પ્રથમ ક્વાર્ટરમાં તે ૬.૮ ટકા ઘટી ગઈ છે. આ દરમિયાન કોરોના વાયરસ મહામારીનો મુકાબલો કરવા માટે ભરવામાં આવેલા અવિશ્વસનીય ઉપાયોને કારણે વિશ્વની બીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા થોભી ગઈ છે.

ચીનના રાષ્ટ્રીય સ્ટેટેસિકલ વિભાગ (એનબીએસ)એ શુક્રવારે કહ્યું કે, ૨૦૨૦ના પ્રથમ ક્વાર્ટર (જાન્યુઆરીથી માર્ચ)માં ચીનની જીડીપી ૨૦,૬૫૦ અબજ યુઆન (લગભગ ૨૯૧૦ અબજ ડોલર) રહી, જે પાછલા વર્ષના આ સમયગાળાના મુકાબલે ૬.૮ ટકાનો ઘટાડો દર્શાવે છે.

એનબીએસના આંકડા પ્રમાણે આ ક્વાર્ટરના પ્રથમ બે મહિનામાં ૨૦.૫ ટકા ઘટાડો થયો છે. આ પ્રકારે ત્રીજા મહિનામાં થોડો સુધાર થયો છે.

ચીનની અર્થવ્યવસ્થામાં ૨૦૧૯માં ૬.૧ ટકાનો વધારો નોંધાયો હતો. અમેરિકાને કારણે વ્યાપાર યુદ્ધને કારણે આ વૃદ્ધિ છેલ્લા ૨૯ વર્ષમાં આ વધારો સૌથી ઓછો હતો પરંતુ છ ટકાના મનોવૈજ્ઞાનિક સ્તરથી ઉપર રહી હતી.

પાછલા વર્ષે ડિસેમ્બરમાં ચીનના વુહાન શહેરમાં સામે આવેલા કોરોના વાયરસે ચીન અને વિશ્વને સંપૂર્ણ રીતે પ્રભાવિત કર્યું છે અને હાલના આંકડાથી સ્પષ્ટ છે કે તેના કારણે ચીનની અર્થવ્યવસ્થાને મોટો ઝટકો લાગ્યો છે, જે પહેલાથી જ મંદીમાં ચાલી રહી હતી.

# ક્વોરન્ટાઈન પૂર્ણ કરનારા ગરીબોને આંધ્રપ્રદેશ સરકાર ૨૦૦૦ રૂપિયા આપશે

અમરાવતી,તા.૧૭

આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી વાઈએસ જગમોહન રેડ્ડીએ એક મહત્વનો નિર્ણય લીધો છે કે સરકારી સુવિધાઓમાં ક્વોરન્ટાઈનનો સમય પૂર્ણ કરનારા પ્રત્યેક ગરીબ વ્યક્તિને સરકાર તરફથી ૨૦૦૦ રૂપિયાની નાણાકીય સહાય કરવામાં આવશે. ક્વોરન્ટાઈનનો સમય પૂર્ણ કર્યા બાદ જો કોરોનાનો રિપોર્ટ નેગેટિવ આવે તો ક્વોરન્ટાઈન પૂર્ણ થાય ત્યારબાદ પ્રત્યેક ગરીબ વ્યક્તિને ૨૦૦૦ રૂપિયાની મદદ કરવામાં આવશે જેથી તેમાંથી તેઓ ખાવા-પિવાની પૌષ્ટિક ચીજ વસ્તુઓ ખરીદી શકે.

કોરોનાની મહામારી પર થયેલી એક સમીક્ષા બેઠકમાં અધિકારીઓએ મુખ્યમંત્રી જગનમોહને જણાવ્યું કે સરકાર પ્રત્યેક વ્યક્તિના જમવા, ગાદલા અને ધાબળા પાછળ ૫૦૦ રૂપિયા, સ્વચ્છતા માટે ૫૦ રૂપિયા અને પરિવહન માટે ૩૦૦ રૂપિયાનો ખર્ચો કરી રહી છે.

બુધવારના રોજ રાજયમાં ૫૦૦૦થી વધારે લોકો રાજયમાં અલગ-અલગ ક્વોરન્ટાઈન સેન્ટરમાં રહી રહ્યા છે. આંધ્ર સરકાર દરરોજ ૪૦૦૦ લોકોના ટેસ્ટ કરવા માટે ભાર મુકી રહ્યા છે

. અત્યાર સુધીમાં રાજયમાં દરરોજ ૨૧૦૦થી વધારે ટેસ્ટ કકરવામાં આવી રહ્યા છે. રાજયમાં પરિવારોના સર્વેક્ષણ દરમિયાન ૩૨,૦૦૦ લોકોની ઓળખ કરવામાં આવી છે, ટૂંક જ સમયમાં તે તમામનો ટેસ્ટ કરવામાં આવશે.

# લૉકડાઉન ૨.૦ઃ સરકારની બીજી ગાઈડલાઈન જાહેર

ન્યુ દિલ્હી,તા.૧૭

કોરોના વાયરસના સંક્રમણને રોકવા માટે કેન્દ્ર સરકારે લૉકડાઉનને ત્રીજી મે સુધી વધારી દીધું છે. લૉકડાઉનના બીજા તબક્કામાં સકકારે કેટલીક છૂટ આપવાની જાહેરાત કરી છે. હવે ગૃહ મંત્રાલય તરફથી કેટલીક વધારાની છૂટ આપવાની જાહેરાત આપવામાં આવી છે. સરકાર તરફથી જાહેર કરવામાં આવેલી નવા ગાઈડલાઈન પ્રમાણે અનેક સરકારી વિભાગોને અમુક શરતોની સાથે ખોલવામાં આવશે. આ સાથે જ કૃષિના ક્ષેત્રમાં અનેક છૂટ આપવાની જાહેરાત કરવામાં આવી છે.આ પહેલા જાહેર કરવામાં આવેલી ગાઈડલાઈનમાં કહેવામાં આવ્યું હતું કે ખાણી-પીણી અને દવા બનાવતી તમામ ઈન્ડસ્ટ્રી ખુલ્લી રહેશે. આ સાથે જ ગ્રામ્ય ભારતમાં તમામ કારખાના ખોલવાની ભલામણ કરવામાં આવી હતી. નવી ગાઈડલાઈન પ્રમાણે મનરેગાના કામને પણ મંજૂરી આપવામાં આવી હતી, જે અંતર્ગત સિંચાઇ અને જળ સંરક્ષણને પ્રાથમિકતા આપવાનું કહેવામાં આવ્યું હતું.

**કૃષિ ક્ષેત્ર :**

સરકારની નવી ગાઈડલાઈનમાં જંગલોમાં અનુસૂચિત જનજાતિના લોકો તેમજ ત્યાં રહેતા અન્ય લોકો લઘુ વન ઉપજ અથવા બિન-ઈમારતી લાકડા એકઠા કરી શકે છે, સાથે જ તેઓ લાકડા કાપવાનું કામ પણ કરી શકે છે. આ સાથે જ વાંસ, નાળિયેર, સોપારી, કોફીના બીજ, મસાલાની રોપણી અને તેની કાપણી, પેકિંગ અને વેચાણ કરી શકે છે.

**નાણાકીય ક્ષેત્ર :**

નોન-બેક્કિંગ ફાઈનાન્સિયલ કંપનીઝ જેમાં હાઉસિંગ ફાઈનાન્સ કંપનીઝ અને માઈક્રો ફાઈનાન્સ ઈન્સ્ટિટ્યૂટ સામેલ છે, તે કામ કરી શકે છે, જેમાં ઓછામાં ઓછા કર્મચારી હોય. સાથે જ સહકારી સમિતોઓને પણ કામ કરવાની છૂટ આપવામાં આવી છે.

**બાંધકામ ક્ષેત્ર :**

ગ્રામ્ય ક્ષેત્રોમાં નિર્માણનું કામકાજ, પાણી પહોંચાડવું, સ્વચ્છતા, વીજળીના તાર લગાવવા તેમજ દૂરસંચાર માટે ફાઈબર ઓપ્ટિકલ કેબલ પાથરવાનું કામ કરી શકાશે.

# સોનાના વાયદાના ભાવમાં રૂ.૫૪૮ અને ચાંદીમાં રૂ. ૨૨૪ની વૃદ્ધિઃ ક્રૂડ તેલ રૂ. ૩૨ વધ્યું

મુંબઈ

વવિધ કોમોડિટી વાયદા અને ઓપ્શન્સમાં મળીને પૂરા સત્રમાં એમસીએક્સ પર ૨૯૧૯૩૧ સોદામાં રૂ. ૧૧૪૩૮.૮૪ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાઓનો હિસ્સો રૂ. ૧૦૯૫૮.૬૨ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૪૮૦.૨૨ કરોડનો રહ્યો હતો. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં વૃદ્ધિ હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ વધ્યું હતું. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાના ભાવમાં સુધારો હતો. સીપીઓના વાયદાના ભાવમાં સાર્વત્રિક ઘટાડો હતો.

કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૧૦૭૯૫૧ સોદાઓમાં રૂ. ૫૪૨૮.૬૦ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૬૬૦૦ ખૂલી, ઊપરમાં રૂ. ૪૭૩૨૭ અને નીચામાં રૂ. ૪૬૫૨૬ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૫૪૮ વધીને રૂ. ૪૭૨૫૮ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની એપ્રિલ કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૩૦૭ વધીને ૮ ગ્રામદીઠ રૂ. ૩૮૧૨૩ અને ગોલ્ડ-પેટલ એપ્રિલ કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૪૩ વધીને ૧ ગ્રામદીઠ રૂ. ૪૭૫૦ થયા હતા, જ્યારે સોનું-મિની મે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૦૭ વધીને બંધમાં રૂ. ૪૭૨૦૩ ના ભાવ રહ્યા હતા.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૪૩૬૬૧ ખૂલી, ઊપરમાં રૂ. ૪૪૩૨૯ અને નીચામાં રૂ. ૪૩૪૬૭ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૨૪ વધીને રૂ. ૪૪૨૫૫ બંધ રહ્યો હતો. ચાંદી-મિની એપ્રિલ રૂ. ૨૩૩ વધીને રૂ. ૪૪૨૭૧ અને ચાંદી-માઈક્રો એપ્રિલ રૂ. ૨૭૪ વધીને રૂ. ૪૪૭૨૭ બંધ રહ્યા હતા.

એનર્જી સેગમેન્ટમાં કુલ ૧૪૩૬૭૬ સોદાઓમાં રૂ. ૩૬૯૬.૯૫ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ એપ્રિલ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૧૫૪૫ ખૂલી, ઊપરમાં રૂ. ૧૫૮૪ અને નીચામાં રૂ. ૧૫૩૫ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૩૨ વધીને રૂ. ૧૫૬૧ બંધ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૨૭૫૯ સોદાઓમાં કુલ રૂ. ૨૩૨.૬૧ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન એપ્રિલ વાયદો ગાંસડીદીઠ રૂ. ૧૬૪૯૦ ખૂલી, ઊપરમાં રૂ. ૧૬૭૦૦ અને નીચામાં રૂ. ૧૬૪૫૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૬૦ વધીને રૂ. ૧૬૫૦૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ એપ્રિલ કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ. ૬૭૫.૬ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ. ૫.૫ ઘટીને બંધમાં રૂ. ૬૬૬.૯ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ એપ્રિલ વાયદો કિલોદીઠ રૂ. ૧૨૮૪.૨ ખૂલી, ઊપરમાં રૂ. ૧૩૩૫.૫ અને નીચામાં રૂ. ૧૨૩૫.૪ રહી, અંતે રૂ. ૧૨૩૭.૫ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ. ૯૫૬ ખૂલી, ઊપરમાં રૂ. ૯૬૫ અને નીચામાં રૂ. ૯૫૪.૫ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૬.૦૦ વધીને રૂ. ૯૬૨.૫ ના સ્તરે બંધ રહ્યો હતો.

વાયદાઓમાં કામકાજની દૃષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૩૬૨૭૯ સોદાઓમાં કુલ રૂ. ૩૬૧૨.૭૩ કરોડ ની કીમતનાં ૭૬૯૮.૩૧૨ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૭૧૬૭૨ સોદાઓમાં કુલ રૂ. ૧૮૧૫.૮૭ કરોડ ની કીમતનાં ૪૧૧.૪૫૬ ટન, ક્રૂડ તેલમાં ૧૧૬૮૨૫ સોદાઓમાં રૂ. ૩૦૨૨.૭૮ કરોડનાં ૧૮૯૮૧૯૦૦ બેરલ્સ, કોટનમાં ૩૮૧ સોદાઓમાં રૂ. ૧૯.૯૪ કરોડનાં ૧૨૦૦૦ ગાંસડી, સીપીઓમાં ૨૧૬૭ સોદાઓમાં રૂ. ૨૦૧.૫૨ કરોડનાં ૩૦૦૭૦ ટન, મેન્થા તેલમાં ૧૮૫ સોદાઓમાં રૂ. ૧૦.૬૫ કરોડનાં ૮૪.૯૬ ટન, કપાસમાં ૨૬ સોદાઓમાં રૂ. ૫૦.૦૧ લાખનાં ૧૦૪ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વાયદાઓમાં ૨૦૯૨૩.૨૩૬ કિલો, ચાંદીના વાયદાઓમાં ૧૭૩.૧૩ ટન, ક્રૂડ તેલમાં ૩૪૭૯૯ બેરલ્સ, કોટનમાં ૧૭૯૧૨૫ ગાંસડી, સીપીઓમાં ૬૪૯૦૦ ટન, એલચીમાં ૫.૧ ટન, મેન્થા તેલમાં ૮૦.૨૮ ટન અને કપાસમાં ૪૪૪ ટનના સ્તરે રહ્યો હતો.

કોમોડિટી ઓપ્શન્સમાં કુલ રૂ. ૪૮૦.૨૨ કરોડનું ટર્નઓવર (નોશનલ) થયું હતું, જ્યારે પ્રીમિયમ ૧૧.૯૧ કરોડ નું રહ્યું હતું. ઓપ્શન્સના કુલ વોલ્યુમમાં કોલ ઓપ્શન્સનો હિસ્સો ૪૦.૫૩ ટકાનો અને પુટ ઓપ્શન્સનો હિસ્સો ૫૯.૪૭ ટકાનો હતો.

સોનાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૪૭૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો મે કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૦૫૦ ખૂલી, ઊપરમાં રૂ. ૧૫૪૯ અને નીચામાં રૂ. ૧૦૫૦ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૪૩૦.૫ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૪૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો મે કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૮૦ ખૂલી, ઊપરમાં રૂ. ૪૧૦ અને નીચામાં રૂ. ૩૩૧ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૩૪૯ બંધ રહ્યો હતો.

ચાંદીનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૪૭૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો એપ્રિલ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૨૫૨.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૩૧૮ અને નીચામાં રૂ. ૨૩૦ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૩૦૨ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૩૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો એપ્રિલ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૮૦૪ ખૂલી, ઊપરમાં રૂ. ૮૧૦.૫ અને નીચામાં રૂ. ૫૧૨ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૫૬૫.૫ બંધ રહ્યો હતો.ક્રૂડ તેલનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૧૬૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો એપ્રિલ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૩૯.૯ ખૂલી, ઊપરમાં રૂ. ૩૯.૯ અને નીચામાં રૂ. ૦.૧ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૦.૭ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૧૫૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો એપ્રિલ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૧૫ ખૂલી, ઊપરમાં રૂ. ૨૪ અને નીચામાં રૂ. ૦.૧ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૦.૩ બંધ રહ્યો હતો.

# શિક્ષણ અને જીવનમાં હકારાત્મક અભિગમ

લેખક : નિકેતા વ્યાસ-કુંચાલા

એક એવી માન્યતા છે કે જીવનમાં સુખી થવું હોય તો શિક્ષણ મેળવવું જોઈએ.અને ભણ્યા પછીની તરતની જરૂરિયાત હોય છે પોતાની આજીવિકા.પછી તે નોકરી હોય કે વ્યવસાય હોય.મુખ્યત્વે ત્રણ પ્રકારના લોકો જોવા મળે છે.

પહેલો વર્ગ એવો છે કે જેને પોતાની નોકરી કે કામ બોજ લાગે છે.તેમની વાતોમાં સતત નકારાત્મકતા ટપકતી હોય છે. ×આજુબાજુ બધા જ સ્વાર્થી ભેગા થયા છે.×,×અમારા ભાગે તો વૈતરું છે×, ×અહીયા તો કોઈ કામ જ કરતું નથી.× ;આવી ફરીયાદો કર્યા કરે છે.અરે ભાઈ જો તમે કોઈ કામ જ ન કરતું હોય તો આ સિસ્ટમ ચાલે છે કેવી રીતે ?સિસ્ટમ તમને અનુકૂળ ના થાય,તમારે સિસ્ટમને અનુકૂળ થવું પડે. આવી સમજણના અભાવે આ વર્ગ દુઃખી-દુઃખી જોવા મળતો હોય છે.

બીજો વર્ગ એવો છે કે જેઓ સતત આનંદ અને ઉત્સાહમાં હોય છે. તે પોતાના વ્યવસાય કે કામને ઉત્સવ માનતા હોય છે. તેઓ પોતાની ઈચ્છાથી જ કામ પર વહેલા પહોંચી જાય અને મોડે સુધી રોકાઈને કામ કરે .વધુ પ્રગતિના નવા નવા ઉપાયો સતત શોધ્યા કરતા હોય છે.તેઓ હકારાત્મક અભિગમથી ભરેલા હોય છે.

ત્રીજો વર્ગ એવો છે જેમાં આ લોકો યંત્રવત હોય છે.માસ્તર મારે ય નહીં અને ભણાવે પણ નહી એવું વાતાવરણ નિર્માણ કરે છે તો દુઃખી પણ હોતા નથી અને સુખી પણ હોતા નથી .કરવા ખાતર કામ કરી નાખે,પણ ઈન્વોલ્વમેન્ટ ના હોય. આવે ,કામ કરે અને જતા રહે .પણ બીજાને ગેરમાર્ગે દોરવાનું ભૂલતા નથી.ખાસ કરીને નવા કર્મચારીઓને કાન ભંભેરણી કર્યા કરે.

કર્તૃત્વની કલ્પનાનું ઘર આપણું મસ્તિષ્ક હોય છે.તે મસ્તિષ્કમાં આનંદ ,જ્ઞાન કે તટસ્થતા જન્મ લે છે.આપણે આપણો અભિગમ બદલી શકીએ.નકારાત્મક અભિગમને ઓળખી ,તેને દૂર કરીને હકારાત્મક અભિગમને પ્રસ્થાપિત કરવો;તેનું નામ સાચું શિક્ષણ. પોતાના કામને વૈતરુ માનવાને બદલે ઉત્સવ માનવો એ જ સાચું શિક્ષણ.ઉત્સવ બહાર હોતા નથી. તેમનો આધાર આપણા મનના અભિગમ પર રહેલો છે.

આ મુદ્દા પર મને એક વાત યાદ આવે છે સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં હું ભણતી હતી ત્યારે મારા પ્રિન્સિપાલ હતા ફાધર ડિસોઝા.તેઓ હંમેશા મારા માટે પ્રેરણામૂર્તિ રહ્યા છે એક વખતની વાત છે કોરિડોર માંથી પસાર થતી વખતે મેં જોયું કે ઉપરના માળેથી કોઈએ એક કાગળનો ડૂચો નીચે ફેંક્યો.મારી સાથે રહેલી મારી સહાધ્યાયી સાથે 'કેટલું ખરાબ...' સંદર્ભની મારી ટિપ્પણી ત્યાંથી પસાર થઈ રહેલા ફાધરે સાંભળી ખૂબ જ વહાલથી મારા ખભે હાથ મૂકી મને કહ્યું :×હેલો નીકી પીક ધેટ પેપર.આઈ લાઈક યોર એટીટ્યુડ ઓલ વેઝ.× ત્યાર પછી મારી આંખમાં આંખ પરોવીને ખૂબ જ પ્રેમથી એક સોનેરી વાકય બોલ્યાં:×ટ્રાય યોર બેસ્ટ ઓલવેઝ.×બસ ત્યારથી જ એ વાક્ય મારા હૃદયમાં કોતરાઈ ગયું.સ્કાઉટર તો હું સ્કૂલ બોર્ડમાં જોડાઈ પછી બની.અને ત્યારે ખબર પડી કે આ વાક્ય સ્કાઉટનું હાર્દ છે.

ત્રણ મજૂરો એક દેવસ્થાન બનતું હતું ત્યાં મજૂરી કરતા હતા.એક માણસે એક મજૂરને પૂછ્યું :×વોટ આર યુ ડુઈંગ ?×મોજીલો જવાબ આપ્યો :×જસ્ટ નથીંગ.×

પેલા માણસે થોડે દૂર જઈને બીજા મજૂરને પ્રશ્ન પૂછો :×વોટ આર યુ ડુઈંગ ?×બીજા મજૂરે જવાબ આપ્યો :×વર્કિંગ .×

હવે તે માણસ દૂર ખૂણામાં કામ કરવાની સાથે સાથે કંઈક ગણગણી રહેલા એક મજૂરને ફરીથી એ જ પ્રશ્ન પૂછો :×વોટ આર યુ ડુઈંગ ?× ત્રીજા મજૂરે જવાબ આપ્યો :×આઈ એમ પ્રેયિંગ.×

ત્રણેયના કામનો પ્રકાર તો એક જ હતો.પણ ત્રણેયના અભિગમ અલગ અલગ હતા.ત્રણે ભિન્નભિન્ન માનસિક સ્તર પર એક જ કાર્ય કરતા હોવાથી ત્રણ એની અનુભૂતિ અલગ અલગ હતી.તમે તમારા કામને માણો છો કે નહી તેની અનુભૂતિ ફક્ત તમે જ કરી શકો કામનો પ્રકાર સંજોગો કે અન્ય લોકો તમારી અનુભૂતિ કદી નક્કી કરી શકશે નહીં. તમારા વ્યવસાયમાં તમને મજા આવતી હોય કે કંટાળો આવતો હોય તો તે બંનેમાં કારણભૂત તમે જ છો.

જાણીતા હાસ્ય કલાકાર અને લેખક શાહબુદીન રાઠોડનું એક લખાણ જોવામાં આવેલું.'મેં જીવણને કોહ હાંકતા જોયો છે ઘેઘુર વડલો. વડલાની છાયામાં સમાઈ જતો કૂવો. કુવાનું પાવઠું.ધોરીયો અને બળદ હાંકવાનું પૈયું. જીવણ તો કોહ હાંકતો જાય અને સાથે સાથે દુહા ગાતો જાય. પ્રેમને વાચા હોય તો જગત આખું જોગી થઈ જાત. મને થતું કે જીવણ કામ કરે છે કે જલસા કરે છે?'આપણા સૌની આસપાસ કામ કરનારા બંને પ્રકારના લોકો હોય છે -a person with positive attitude yuLz a person with Negetive attitude .


આપણને સૌને તેમનો અનુભવ છે જ .કેટલાક જયારે જયારે જુઓ ત્યારે દુઃખના વાદળોમાં ઘેરાયેલા નજર આવે છે. પોતે જાણે નોકરી ધંધો કરીને આપણા ઉપર ઉપકાર કરતા હોય તેમ હંમેશા ત્રસ્ત અને વ્યસ્ત જ દેખાય.જ્યારે કેટલાક ઘણું જ કામ કરીને પણ હળવાશ અને આનંદમાં દેખાય .તેની પાસે ઊંચું જોવાની પણ ફુરસદ ન હોય છતાં આપણને સ્મિત સાથે આવકાર છે અરે કહેશે આવો ને ચા પીએ ,કામ તો ચાલ્યા જ કરશે.બીજાના કામ માટે સમય આપવો અને તેમને સાંભળવા એ પણ ખૂબ જરૂરી છે આવા મસ્ત લોકો જ કામને દીપ આવે છે.

'નજરમાં અમી તો દુનિયા ગમી ,

જીભમાં અમી તેને દુનિયા નમી;

જેની સમજમાં અમી તેને સુખની શું કમી?'

આપણી જોબ જફા છે કે જલસા તે નક્કી કરવું આપણા જ હાથમાં છે...!!!અને ત્યારે જ શિક્ષણ અને જીવનમાં હકારાત્મક અભિગમ સાકાર થયો એમ કહી શકાય.



સમગ્ર વિશ્વ અત્યારે કોરોનાવાયરસ ની મહામારી થી ઝઝૂમી રહ્યું છે ત્યારે ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા જી.સી.ઈ.આર.ટી અને સમગ્ર શિક્ષા અભિયાન ના માધ્યમથી ચલાવવામાં આવતા સ્ટડી ફ્રોમ હોમ અંતર્ગત અઠવાડીયાના દર શનિવારે બાળકો પોતાના ઘરે રહીને શિક્ષણ મેળવી શકે તે હેતુથી ધોરણ ૩ થી ૯ ના મહેસાણા જિલ્લાના તમામ બાળકોને જિલ્લા કક્ષાએથી બી આર સી કક્ષાએ સાહિત્ય મોકલવામાં આવે છે અને અને તે સાહિત્ય સી.આર.સી.કો-ઓર્ડીનેટર દ્વારા શિક્ષકોના સોશિયલ મીડિયાના ગ્રુપમાં મોકલવામાં આવે છે આમ આ સાહિત્ય વાલીઓ સુધી પહોંચતું કરવામાં આવે છે આ અભિગમને ઘણો બધો પ્રતિસાદ મળી રહ્યો છે આમ બાળકોનો સમય બગડે નહીં તે માટે હા સાહિત્ય દ્વારા તે સુંદર રીતે અધ્યયન કરી શકે તે હેતુથી સ્ટડી ફ્રોમ હોમ અને પરિવારનો માળો સલામત અને હૂંફાળો અંતર્ગત અલગ અલગ પ્રવૃત્તિઓ પણ બાળકોને મોકલવામાં આવે છેઊંઝા તાલુકાના સરકારી શાળાના બાળકો આ સાહિત્યનો સુંદર રીતે ઉપયોગ કરી રહ્યા છે તેવું ઊંઝા તાલુકાના બી.આર.સી કૉ ઓર્ડીનેટર તરુણભાઈ પરમારે જણાવ્યું હતું તો વળી ઊંઝા તાલુકાના બ્રાહ્મણવાડા ક્લસ્ટરના સીઆરસી કોઓર્ડીનેટર અલ્પેશ શ્રીમાળીએ જણાવ્યું હતું કે પરિવારનો માળો સલામત અને હુંફાળો જે રોજ રોજ બાળકો અને વાલીઓને સોશિયલ મીડિયાના માધ્યમથી પહોંચાડવામાં આવે છેઆ અભિગમથી બાળકોનો સમય બગડતો નથી અને સુંદર રીતે અધ્યયન કરી શકે છે તો વળી નવું નવું જાણવાની જિજ્ઞાસા વૃત્તિ પણ બાળકોમાં પેદા થાય છે અને આવતા વર્ષે જે ધોરણમાં આવવાના છે તેનું પણ અધ્યયન થઈ શકે.અલ્પેશ

# કોરોનાના બારમુ કરીને ૨૫ હજાર લોકોએ શિરો અને મગનું ભોજન આરોગ્યું



અમદાવાદ શહેરના વાડજ સ્થિત રામાંપીરના ટેકરા પર આવેલી ઝૂંપડપટ્ટીમાં બે દિવસ પહેલા ૧૪મી એપ્રિલના રોજ પ્રથમ લોકડાઉન પૂર્ણ થતાં કોરોનાનું બારમું યોજીને ૨૫ હજાર લોકોને ૫૦૦ કિલો ચોખ્ખા ઘીનો શિરો અને મગનું જમણ કરાવવામાં આવ્યું હતું.

કોરોનાએ સમગ્ર દુનિયામાં કાળો કેર વર્તાવ્યો છે. આ મહામારી સામે બધા દેશો લડત ચલાવી રહ્યા છે. તો દેશવાસીઓ જરૂરિયાત મંદ લોકોની સેવામાં લાગી ગયા છે. આવી જ ૨૧ દિવસના લોકડાઉન દરમિયાન સેવા કરનાર મહેસાણા સ્થિત કબીર આશ્રમના મહંત સપ્તસુન ઉર્ફે રાજુ કરાટેએ જણાવ્યું હતું કે, અમારી સાથે સેવામાં જોડાયેલા ૩૧ જણાની ટીમના યુવાનોનો આભાર વ્યક્ત કરવા અને લોકડાઉન પૂર્ણ થયુ હોવાથી કોરોનાનું બારમું કર્યું હતું. સવારથી જ ૫૦૦ કિલો ચોખ્ખા ઘી અને બદામ નાખીને શિરો અને ૨૫૦ કિલો મગ બનાવવાની કામગીરી શરૂ કરી દીધી હતી. જો કે તે દિવસે જ લોકડાઉનની અવધિ વધારવામાં આવતા અમારા કાર્યકરો મારફતે જ ૧૦ હજારની સંખ્યા ધરાવતી ઝૂંપડપટ્ટીઓની ચાલીઓમાં જઈને જ બધાને જમણ પહોચાડ્યું હતું. બારમાની વિધિ ન હતી કરી પણ રસોઈ બનાવતા પહેલા અને રસોઈ બની ગયા પછી હાજર ૬થી ૭ લોકોએ ભેગા મળીને ૫ મિનિટનુ મૌન પાળ્યું હતું. ત્યારબાદ ભોજન પીરસવાની કામગીરી શરૂ કરી હતી.અત્રે ઉલ્લેખનીય છે કે, મહંત સપ્તસુંન વર્ષો સુધી વાડજમાં જ રહેતા હતા. એટલું જ નહીં તેઓ રાજુ કરાટેના નામથી કોર્પોરેટર ની ચૂંટણી પણ લડ્યા હતા. જો કે તેમાં તેમની હાર થઈ હતી. ત્યારબાદ તેઓ આધ્યાત્મિકતા તરફ વળી ગયા હતા, હાલ મહેસાણા સુથીયાળા ગામમાં કબીર આશ્રમ ચલાવે છે. પરંતુ દેશ પર સંકટ આવ્યું હોવાથી તેઓ તેમના વિસ્તારમાં રહેતા ગરીબ અને શ્રમજીવી લોકોની સેવા કરવા અમદાવાદ આવ્યા હોવાનું તેમણે જણાવ્યું હતું.

વધુમાં રાજુભાઈના જણાવ્યા મુજબ મહાનગરપાલિકાની આરોગ્ય વિભાગની ટીમની મદદથી સ્થાનિક વિસ્તારમાં ૨૦૦થી વધુ લોકો ના મેડિકલ ટેસ્ટ પણ કરાવવામાં આવ્યા હતા સાથે સાથે વસાહતમાં કોરોના પગપેસારો થાય નહી તેના માટે સંપૂર્ણ તકેદારી રાખવામાં આવી રહી છે.

# ભુતકાળમાં વિધાતા છઠ્ઠી ના દિવશે બાળકનું ભાગ્ય લખતી. અને આજે ??

હા આજે

શુક્રાણું સ્રી બીજને મળે તે પહેલાં એનું ભવિષ્ય નક્કી કરે છે

મા બાપ, જયારે બાળક

લીક્વીડ ફોર્મમાં પણ ન હોય ત્યારથી તેને ટેલેન્ટેડ બનાવવાની

હોડ લાગી છે.

ચાર પાંચ વર્ષના બાળકોને

જયારે ટીવીના કોઇ રિયાલીટી શોમાં નાચતાં, ગાતાં, મિમીક્રી કરતાં જોઇએ

ત્યારે વિચાર આવે....

કે આ બાળકના માબાપને છોકરું જોઇએછે કે

એક મલ્ટી ટેલેન્ટેડ મશીન.

છ વર્ષની છોકરી ટીવી કે ફિલ્મ જોઇને ગીત ગાય છે.

લેલા મે લેલા...

એસી હું લેલા... સાંથે નાચે પણ છે, હકીકતમાં આ ટેલેન્ટ કરતાં નકલ વધું છે,

મા બાપ છાતી ફુલાવી આ નકલીયાવ્રુતીને ક્રીયેટીવીટીમાં

ખપાવે છે.... મા બાપનું કામ તો શીક્ષણ અને સંસ્કાર આપવાનું છે,

પછી કુદરતી ટેલેન્ટ તો આપોઆપ બહાર આવશે,

કિશોર કુમાર કે રફીના મા બાપે એ બોલતા થયાં ત્યારથી ગાતાં ન હોતું શીખવ્યું.

રાજકપુરના

રણધીર અને રાજીવ બંન્ને છોકરાં કલાકાર તરીકે નિષ્ફળ રહ્યા. કેમ....?

એતો ઘર અને કુટુંબમાંજ પ્લેટફોર્મ લઈને જનમ્યા હતા.

એવુંજ રાજેન્દ્ર કુમારના

કુમાર ગૌરવનું થયું....

કેમ કે એમના પોતાનામાં

એ સફળતા માટેની કુદરતી ટેલેન્ટ ન હતી.

નરેન્દ્ર મોદીના બા હીરાબા એ કાંઇ બાળ નરેન્દ્ર બોલતા થયા

ત્યારથી જાહેરમાં સ્પિચ આપવાનું નતું શીખવ્યું કે નતો

એ બાળકને વકતૃત્વ સ્પર્ધાના ક્લાસ કરાવ્યા.

કુદરતી ટેલેન્ટ સમય આવે બહાર આવેજ....

સામે પક્ષે પાંચ પેઢીથી ભાષણબાજી અને જાહેરજીવન ના પ્લેટફોમવાળા

રાહુલજી ભાષણમાં એટલા એગ્રેસીવ નથી લાગતા.

ધીરુભાઇ અંબાણીના માતા

બાળ ધીરુને ઉંઘાડવા હાલરડાંને

બદલે કોઇ કંપનીના

નફા નુકશાનના સ્ટેટમેન્ટ નહોતા સંભળાવતા કે

વાર્તાની જગ્યાએ બેન્કની

પાસબુક વાંચી સંભળાવતા....

આજે તો ચાર વર્ષની ચાર્મી ને એશ્વર્યા બનાવી દેવી છે. અને પાંચ વર્સના પપ્પુને સલમાન......

બાળકના બાળપણની જિંદગીની ભ્રુણહત્યા ની હોડ જામી છે. એ સફળજ છે,

જરુરી નથી કે

બધા સલમાન બને, શાહરૂખ કે રુત્વીક કે તેન્ડુલકર બને.... પહેલાં એને પ્રાથમિક શિક્ષણ આપો,

સારા સંસ્કાર આપો, પછી

કુમાર અવસ્થામાં એનામાં

રહેલી શક્તિ આપો આપ ખીલશે.

અને જો ટેલેન્ટ હશે તો નાનકડા વડનગર જેવા

પછાત ગામમાંથી દોડીને એ દીલ્હીની ગાદીએ બેસશે...

એને નાનપણમાં સરપંચના રોલ કરાવી એનામાં રહેલા વડાપ્રધાનની ટેલેન્ટનું ગળું ન દબાવી દો.

જે પિંપળાને ફુટવુંજ છે એતો આરસીસી નો સ્લેબ ફાડીને પણ ફુટશે...??

# કોરોનાઃ ૧૦૦૦થી વધુ પોઝિટિવ કેસો ધરાવતા રાજ્યોમાં ગુજરાત છઠ્ઠા નંબરે

ગાંધીનગર,તા.૧૭

ગુજરાતમાં કોરોનાને કારણે દિવસેને દિવસે પરિસ્થિતિ વિકટ બની રહી છે. ગુજરાતમાં છેલ્લા ૧૨ કલાકમાં વધુ ૯૨ કેસ નોંધાતા પોઝિટિવ કેસોની સંખ્યા ૧૦૦૦ને આંબી ગઈ છે. આમ દેશમાં ૧૦૦૦થી વધુ કેસ ધરાવતા રાજ્યોમાં ગુજરાત છઠ્ઠા નંબરે છે. જો આ રીતે કેસોની સંખ્યા વધતી ગઈ તો પહેલા નંબર ઉપર પણ પહોંચી શકે છે. ગુજરાતમાં અત્યાર સુધીમાં કોરોના વાયરસની ઝપેટમાં આવેલા કેસોની સંખ્યા ૧૦૨૧ પર પહોંચી છે. ૫ દિવસમાં પહેલા ગુજરાતમાં કોરોનાના પોઝિટિવ કેસોની સંખ્યા ૫૦૦ની આસપાસ હતી જે હવે ડબલ થઈ છે.

દેશમાં અત્યાર સુધી કોરોનાના ૧૩૫૮૫ દર્દીઓ નોંધાયા છે. તેમાંથી ૧૭૬૫ સ્વસ્થ થયા, જ્યારે ૪૩૯ લોકો મૃત્યુ પામ્યા છે. ૧૦૦૦થી વધુ કેસો ધરાવતા રાજ્યોમાં ૧૯૮૫ કેસો સાથે મહારાષ્ટ્ર દેશમાં મોખરે છે. ત્યારબાદ દિલ્હી ૧૬૪૦ કેસ સાથે ક્રમશઃ બીજા, તામિલનાડુ ૧૨૬૭ કેસ સાથે ત્રીજા, રાજસ્થાન ૧૧૩૧ કેસ સાથે ચોથા, મધ્યપ્રદેશ ૧૧૨૦ કેસ સાથે પાંચમાં અને ગુજરાત ૧૦૨૧ કેસ સાથે છઠ્ઠા નંબરે છે. આમ ૬ રાજ્યમાં કોરોનાના ૧૦૦૦થી વધુ કેસો છે. સૌથી વધુ મોત મામલે ગુજરાત દેશમાં ત્રીજા ક્રમાંકે છે. લેટેસ્ટ આંકડા મુજબ મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૧૯૪, મધ્યપ્રદેશમાં ૫૩, ગુજરાત અને દિલ્હીમાં ૩૮-૩૮ મોત થયા છે.

ગુજરાત સહિત દેશભરમાં કોરોના વાયરસના દર્દીઓની સંખ્યા વધી રહી છે. અત્યાર સુધીમાં આ આંકડો ૧૩ હજારને આંબી ગયો છે. જેમાંથી ૧૭૪૯ દર્દીઓ સાજા થયા છે. તેમજ ૪૩૯ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. વિશ્વની વાત કરીએ તો, કોરોનાના અત્યાર સુધીમાં ૨૧.૮૨ લાખ દર્દીઓ નોંધાયા છે. તેમાંથી ૧૪૫૫૨૧ લોકોનાં મોત નીપજ્યાં છે. ચાલો જોઈએ કયા રાજ્યમાં કોરોનાના કેટલા કેસો છે.

# કરફ્યૂ વિસ્તારમાં લોકોનો સહયોગ નહીં મળે તો કાયદેસરની કાર્યવાહી કરાશેઃ ડીજીપી

*ગાંધીનગર,તા.૧૭*

રાજયમાં કોરોના વાયરસની સ્થિતિ અંગે રાજયના પોલીસ વડા શિવાનંદ ઝાએ પ્રેસ કોન્ફરન્સ કરી માહિતી આપતા કહ્યું કે રાજયના જે વિસ્તારમાં સંક્રમણ છે ત્યાં મેડિકલ ચકાસણી કરવા કરફ્યૂ લગાડાશે. રાજકોટના જંગલેશ્વર વિસ્તાર અને રાજલક્ષ્મી સોસાયટી વિસ્તારમાં આજે મધરાતથી કરફ્યૂ લગાવવામાં આવશે. કરફ્યૂના અસરકારક અલમ માટે SRPની ૩ કંપનીઓ પણ ફાળવવામાં આવશે.

આ સિવાય તેમણે કહ્યું કે આજી ડેમ પટ વિસ્તારમાં આઠ ઘોડે સવારની ટીમ ફાળવાઈ છે. તેમણે કહ્યું કે અમદાવાદના કરફ્યૂગ્રસ્ત વિસ્તારમાં લોકો અમલવારી નથી કરતા. અમદાવાદમાં કરફ્યૂ ભંગના ગુના બદલ ૮૨ લોકોની ધરપકડ કરવામાં આવી છે. જયારે સુરતમાં કરફ્યૂ ભંગના ગુના બદલ ૨૬ લોકોની ધરપકડ કરવામાં આવી છે.તેમણે કહ્યું કે સુરતમાં કરફ્યૂ ભંગના ૪ ગુના ડ્રોન મારફતે નોંધવામાં આવ્યા છે. ઉપરાંત, ચેતવણી આપતા કહ્યું કે જો કરફ્યૂ વિસ્તારમાં લોકોનો સહયોગ નહીં મળે તો કાયદેસરની કાર્યવાહી કરાશે. ઉપરાંત શિવાનંદ ઝાએ કહ્યું કે રાજયમાં ૪૧ હજાર ૭૦૦ વાહનો મુક્ત કરાયા છે. આપણે કોરોના વાયરસની ગંભીરતાને સમજવાની જરૂર છે.

### બાળ સંભાળ ગૃહના આશ્રિત ૨૯૫ બાળકોના

# વાલી-પાલક વાલીનેબાળક દીઠ રૂ.૧૫૦૦ ની સહાય ચૂકવાઈ



કોરોના સાવચેતીના ભાગરૂપે આ બાળકો તેમના વાલીઓને સોંપાયા જિલ્લા કલેકટર શ્રી સી.જે. પટેલે જિલ્લાના બાળ સંભાળ ગૃહો તેમજ દિવ્યાંગ કલ્યાણ સંસ્થાઓના આશ્રિત બાળકોને કોરોના સામે સલામત અને સુરક્ષિત રાખવા વિવિધ ઉપાયો કરવાની સૂચના આપી હતી.

આ બાળકોને કોરોનાના સંક્રમણથી બચાવવા અને સામાજિક અંતર જળવાઈ રહે તે માટે આ બાળ સંભાળ ગૃહોના તેમજ દિવ્યાંગ કલ્યાણ સંસ્થાઓના આશ્રય હેઠળ કુલ ૨૯૫ બાળકોને તેમના વાલીઓને સોંપવામાં આવ્યા છે.

કોરોનાથી આ બાળકોને સલામત અને સુરક્ષિત રાખવા હાલમાં સમાજ સુરક્ષા વિભાગને ,આ બાળકોને તેમના પાલકો અને વાલીઓના હવાલે મૂકવા સૂચના આપી છે અને વિભાગ દ્વારા તેની કામગીરી હાથ ધરવામાં આવી છે.આ પાલકો અને વાલીઓ આ બાળકોની સારી સાર-સંભાળ લઈ શકે તે માટે રાજ્ય સરકાર દ્વારા પ્રત્યેક બાળક એપ્રિલ માસના નિભાવની સહાય રૂ.૧૫૦૦/- એમના ખાતામાં સીધેસીધી જમા કરાવવા સૂચના આપી છે અને જિલ્લા સમાજ સુરક્ષા કચેરી દ્વારા એની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

સાબરકાંઠા જિલ્લામાં બાળકોના પાલકોને નિભાવ સહાયના રૂપમાં સરકાર રૂ .૪,૪૨,૫૦૦/- ની ચુકવણી કરવામાં આવી. હાલમાં જિલ્લામાં કુલ ૩ બાળ સંભાળ અને દિવ્યાંગ કલ્યાણ સંસ્થાઓ આવેલી છે જેના તમામ ૨૯૫ બાળકોને આ લાભ આપવામાં આવ્યો છે.રીપોર્ટ : કુલદીપ ભાટીયા (સાબરકાંઠા)

### તમામ પ્રજાજનોને કોવિડ-૧૯ અંતર્ગત

# ડેજીગ્નેટેડ હોસ્પિટલોમાં કોવિડ-૧૯ની સારવારનો લાભ વિનામૂલ્યે અપાશે

વિશ્વવ્યાપી મહામારી કોવિડ-૧૯ની સારવાર માટે રાજ્યમાં મહાનગરોમાં ડેડીકેટેડ કોવિડ હોસ્પિટલ અને જિલ્લામથકોએ ૧૦૦ બેડની કોવિડ હોસ્પિટલ રાજ્ય સરકારે કોરોનાગ્રસ્ત દર્દીઓની સારવાર માટે કાર્યરત કરી છે.

રાજયના ૨૬ જિલ્લાઓમાં કુલ ૩૧૦૦ બેડની ક્ષમતા ધરાવતી ૩૧ જેટલી ખાનગી હોસ્પિટલો કોવિડ-૧૯ અંતર્ગત ડેજીગ્નેટેડ કોવિડ હોસ્પિટલ તરીકે સેવાઓ આપી રહી છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ આ વૈશ્વિક મહામારીના કપરા કાળમાં તમામ પ્રજાજનોને કોવિડ-૧૯ની સારવારનો લાભ આવી ડેજીગ્નેટેડ હોસ્પિટલોમાં વિનામૂલ્યે મળે તે માટે નિર્ણય કર્યો છે. જે-તે જિલ્લાના કલેકટર જો વધુ આવી ડેજીગ્નેટેડ ખાનગી હોસ્પિટલ તેમના જિલ્લામાં માન્ય કરે તો તે હોસ્પિટલોમાં પણ વિનામૂલ્યે સારવાર અપાશે.

મુખ્યમંત્રીશ્રીના આ નિર્ણય મુજબ આવી કોવિડ કોરોના ડેજીગ્નેટેડ ખાનગી હોસ્પિટલમાં ઈન્ડોર અને આઉટડોર તમામ દર્દીઓને સારવાર અને દવાઓ વિનામૂલ્યે અપાશે. કોરોનાગ્રસ્ત દર્દીઓ સારવાર લઇને સાજા થયા બાદ હોસ્પિટલમાંથી ડીસ્ચાર્જ થાય તે પછી પણ પાંચ દિવસ સુધી તેમને ચા, નાસ્તો, બે ટાઇમ ભોજન અને દવાઓ વિનામૂલ્યે અપાશે.

રાજ્ય સરકાર આવી કોવિડ હોસ્પિટલ માટે પી.પી.ઇ. કિટ, એન.૯૫ માસ્ક, ટ્રિપલ લેયર માસ્ક અને હાઇડ્રોકક્ષી કલોરોકવીન ટેબ્લેટ પૂરા પાડશે.

જો આવી ડેજીગ્નેટેડ હોસ્પિટલના આરોગ્યકર્મીનું કોરોના સંક્રમિત થવાથી મૃત્યુ થાય તો રાજ્ય સરકારની જાહેરાત મુજબ રૂ. ૨૫ લાખની સહાય તેવા આરોગ્યકર્મીને અપાશે.

આવી ૩૧ ડેજીગ્નેટેડ કોવિડ હોસ્પિટલમાં થનારો અંદાજે માસિક રૂ. ૮ કરોડનો ખર્ચ રાજ્ય સરકાર આપશે.

### તંત્રમાં દોડધામ, ગ્રામ્ય વિસ્તારમાં લોકોની પ્રવેશબંધી

# ભિલોડાના કુશાલપુરના ૭૦ વૃદ્ધાનું કોરોનાથી મોત થતા ભિલોડા બજાર સ્વયંભૂ બંધ

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જિલ્લાના ભિલોડાના કુશાલપુરા ગામના ૭૦ વર્ષીય વૃદ્ધાનું કોરોના ના કારણે મોત થતા ચકચાર મચી ગઇ છે . અરવલ્લી જિલ્લા કલેકટર ના જાહેરનામાં મુજબ ગામના ત્રણ કિ.મી.સુધીના ૧૦ ગામ કન્ટેઈનમેન્ટ એરિયા જાહેર કરવામાં આવ્યો છે તેમજ અસરગ્રસ્ત વિસ્તારમાં પ્રવેશ એરિયા પર થર્મલ સ્ક્રિનિગ ફરજીયાત કરવામાં આવ્યુ છે. આ ઉપરાંત પરવાનગી સિવાયના વાહનો ના પ્રવેશ પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. ભિલોડાના ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાના ભય થી લોકોએ ગામના પ્રવેશદ્વારોએ આડશ ઉભી કરી અજાણ્યા વ્યક્તિઓ અને વાહનોના પ્રવેશ માટે પ્રતિબંધ ફરમાવી દઈ ગામો પ્રવેશતા રોડ પર સ્થાનિકો ચોકી કરી રહ્યા છે વૃદ્ધાને કોરોનનો ચેપ ક્યાંથી લાગ્યો તે શોધવા તંત્રમાં દોડધામ મચી છે






અરવલ્લી જિલ્લા આરોગ્ય વિભાગે કુશાલપુરા ગામમાં સહીત આજુબાજુના વિસ્તારોમાં સર્વેની કામગીરી હાથધરી તમામ લોકોનું થર્મલસ્ક્રિનિંગ કરવામાં આવી રહ્યું છે વૃદ્ધાના પરિવારજનો અને તેમના સંપર્કમાં આવેલા લોકોને કોરન્ટાઈન કરવા તજવીજ હાથધરી છે વૃદ્ધાને પ્રાથમિક સારવાર આપનાર હિંમતનગર ખાનગી હોસ્પિટલના તબીબ અને સ્ટાફ પણ હોમકોરન્ટાઈન થયા હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી

જોકે કોરોના વાયરસ ને અરવલ્લી જિલ્લામાં ફેલાતો અટકાવવા તંત્રની જોઈએ તેટલી મુસ્તેદી જોવા મળતી નથી .અરવલ્લી જિલ્લાની અંદરના વિસ્તારમાં પોલીસ કડકાઇ થી કામ લઇ રહી છે પરંતુ અન્ય જિલ્લામાં માંથી અરવલ્લી માં પ્રવેશ કરનાર લોકો સામે કોઇ કાર્યવાહી કરવામાં આવતી નથી અને કેટલીક જગ્યાએ ફકત ખાનાપુર્તિ માટે કરવામાં આવી રહી છે .

લોકડાઉન ના કડક અમલના દેખાડા વચ્ચે કેટલાય લોકોએ અન્ય જિલ્લામાંથી મોડાસા તેમજ અરવલ્લી ના અન્ય તાલુકામાં પ્રવેશ કર્યો છે. અરવલ્લી જિલ્લાના મોટાભાગ ના નગરોમાં કોરોનાએ હજુ પગપેસરો કર્યો નથી ત્યારે જિલ્લાની સરહદો પર ચુસ્ત બંદોબસ્ત ગોઠવી કોઇની પણ શેહશરમ કે દયા રાખ્યા વિના તમામ ની એન્ટ્રી બંધ કરવી જોઇએ.

અરવલ્લીમાં કેટલાક લોકોએ છાનેછપને પ્રવેશ કર્યો છે તો કેટલાક જાહેર થયા છે. જોકે જાહેર થયેલા લોકો સામે પણ કાર્યવાહી કરવામાં તંત્ર દ્વારા ઢીલી નીતી અપનાવાઇ રહી છે.રાત્રી દરમ્યાન અન્ય જિલ્લાઓમાંથી બેરોકટોક કોઇપણ જાતની તપાસ વિના લોકો ચાલીને અરવલ્લીમાં પ્રવેશ કરી રહ્યા છે અને કેટલાક અરોગ્યલક્ષી કામ માટે પણ આવી રહ્યા છે ત્યારે આવી ઘુસણખોરી અટકાવવા માં તંત્ર નિષ્ફળ નિવડ્યુ હોય તેવુ લાગી રહ્યુ છે.તંત્રની ઢીલી નિતીના કારણે અરવલ્લી જિલ્લાના ભિલોડામાં કોરોના દર્દીનું મોત થતા લોકોમાં ભય નો માહોલ સર્જાયો છે.ભિલોડામાં પણ કેટલાય લોકો કોરોના હોટ સ્પોટ જાહેર થયેલા મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાંથી તેમજ અન્ય રાજ્યો માંથી આવ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઇ છે ત્યારે તંત્ર ભિલોડા તાલુકાના તમામ લોકોની ટેસ્ટીગ કરી આ તાલુકામાં કોરોના દર્દીઓ છે કે કેમ તેની તપાસ કરવામાં આવે તેવી પ્રબળ લોક માંગ ઉઠી છે

મોડાસા શહેરમાં રાત્રી અને વહેલી સવારે ખાનગી વાહનો મારફતે અનેક લોકો અન્ય રાજ્ય અને જીલ્લામાંથી પ્રવેશી ચુક્યા છે હજુપણ લોકો મોડાસા શહેર સહીત ગ્રામ્ય વિસ્તારોમાં ચોરી છુપે થી પહોંચી રહ્યા છે આરોગ્ય તંત્ર અને પોલીસતંત્રને થાપ આપી જિલ્લાના પ્રજાજનોના સ્વાસ્થ્ય સાથે રમત રમી રહ્યા છે મોડાસા શહેરમાં માલપુર રોડ પર સોસાયટી વિસ્તારમાં કોરન્ટાઈન કરેલા લોકોના પરિવારજનો અને કોરન્ટાઈન થયેલ લોકો આંટાફેરા મારી રહ્યા છે ત્યારે આરોગ્ય અને પોલીસતંત્રએ કોરન્ટાઈન કરવામાં આવેલા લોકો અને તેમના પરિવારજનોને કોરન્ટાઈન પીરીયડનો ચુસ્ત પણે અમલ કરવા તાકીદ કરવી જોઈએ

### રાજ્યમાં સમગ્ર શિક્ષા અભિયાન કરાર આધારિત

# કર્મચારીઓએ એક દિવસનો પગાર મુખ્યમંત્રી રાહત ફંડમાં અર્પણ

અરવલ્લી બ્યુરો મોડાસા

કોરોના નામની મહામારીએ સમગ્ર વિશ્વમા હાહાકાર મચાવી દીધેલ છે જેની સામે ભારત દેશને બચાવવા માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ૨૧ દિવસના લોકડાઉન પછી લોકડાઉન ૩ મે સુધી લંબાવ્યું છે સમગ્ર દેશ લોકડાઉન છે. કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, સહકારી સંસ્થાઓ, ટ્રસ્ટો તથા વ્યક્તિગત રીતે દેશ-દુનિયાના લોકો કોરોના વાયરસ ની સામે લોકોને મદદરૂપ થવા માટે ખુલ્લા મને મદદ કરી રહ્યા છે ત્યારે રાજયમાં સમગ્ર શિક્ષા અભિયાન કરાર આધારિત કર્મચારીઓ એક દિવસનો પગાર મુખ્યમંત્રી રાહતફંડમાં જમા કરાવવામાં આવ્યો હોવાનું રાજયના પ્રમુખ અમિત કવિએ જણાવ્યું હતું

### ધાનેરાના કુંડી ગામના

# દૂધ ઉત્પાદકોએપી.એમ કેર ફંડમાં એક ટંકના દૂધના ૩૫ હજાર રૂપિયા આપ્યા

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

આજે દુનિયાના મહાસત્તા ધરાવતા દેશ જીવલેણ કોરોના વાયરસ સામે લાચાર બની બન્યા છે દાનવ બની કોરોનાએ હજારો લોકોના જીવ લીધાં છે દરરોજ કોરોના વાયરસના ચેપથી પોઝીટીવ કેસ વધતા ભારત સરકાર સામે પણ પડકાર જેવી સ્થિતિનું નિર્માણ થયું છે બનાસકાંઠા જિલ્લામાં પણ ૬ કોરોના પોઝીટીવ કેશ મળ્યાં છે પુરા દેશમાં દેશવ્યાપી લોકડાઉન બીજા તબક્કામાં પણ ચાલુ છે.

જે ૩ મેં ના રોજ પૂર્ણ થશે જયારે પી.એમ નરેદ્ર મોદી દ્વારા સરકારની આર્થિક મદદ કરવાની અપીલ ના પગલે દેશભરમાંથી દાનની સરબાની વહેતી થઈ છે અને નાના મોટા ધધાં રોજગાર કરતા લોકો પીએમ કેર ફંડમાં દાન કરી કોરોના સામે જગમાં વધું મજબૂત બનાવી રહ્યા છે ત્યારે આવા સમયે ધાનેરા તાલુકાના કુંડી ગામના દૂધ ઉત્પાદકો પણ આગળ આવ્યા છે અને પીએમ કેર ફંડમાં એક ટંકના દૂધના ૩૫ હજાર રૂપિયા જમા કરાવી સહયોગ આપ્યો છે કુંડી સૂચિત દૂધ ઉત્પાદક મંડળી ના મંત્રી હરિભાઈ મેવાડા,ચેરમેન ભીખાભાઈ પુરોહિત દ્વારા દૂધ ઉત્પાદકો ને અપીલ કરતાં મન મૂકી પીએમ કેર ફંડમાં સહયોગ આપવા દૂધ ઉત્પાદકો સામે આવ્યા હતા.

# ગાંધીનગરના યુવાનો દ્વારા ચલાવવામાં આવતી ગૂંજ ફાઉન્ડેશન નામની સંસ્થા ને આજે ૪ વર્ષ પૂર્ણ થયા

ગાંધીનગરના યુવાનો દ્વારા ચલાવવામાં આવતી ગૂંજ ફાઉન્ડેશન નામની સંસ્થા દ્વારા તા:-૧૮/૦૪/૨૦૧૬ના રોજ સોશ્યિલ મીડિયાના સદુપીયોગ દ્વારા બનાવવામાં આવેલ વોટ્સએપ પરના ગ્રુપ બ્લડબેંક વોટ્સએપ ને આજે ૪ વર્ષ પૂર્ણ થયા.

આ સમયગાળામાં ૭ વ્યક્તિથી ચાલુ થયેલ મુહિમમાં અત્યાર સુધી ૯૦૦ થી વધુ લોકો જોડાયેલા છે.તેઓ દ્વારા જરૂરિયાતમંદ વ્યક્તિને મફતમાં રક્ત પૂરું પાડવામાં આવે છે.તથા સમાજ જાગૃતિના અનેકવિધ કાર્યો કરવામાં આવે છે.

અત્યાર સુધીમાં સંસ્થા દ્વારા ૨ રક્તદાન કેમ્પ યોજીને એકત્રિત રક્તને ગાંધીનગર સિવિલ હોસ્પિટલના માધ્યમથી જરૂરિયાતમંદ લોકો સુધી પહોંચાડવામાં આવ્યું છે.સંસ્થા દ્વારા લોકોને વધુમાં વધુ આ ભગીરથ કાર્યમાં જોડાવવા માટે અપીલ કરવામાં આવી છે.

# મોડાસા ક્રેડાઈ દ્વારા મુખ્યમંત્રી રાહતફંડમાં ૫ લાખ રૂપિયાનો ચેક કલેક્ટરને સુપ્રત કર્યો

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લા ક્રેડાઈ મોડાસા (રીયલ એસ્ટેટ એશોશીએશન ઓફ ઈન્ડિયા) વિશ્વમાં હાહાકાર મચાવનાર કોરોના સામે જંગ લડી રહ્યા છે લોકડાઉનમાં પણ કોરોના સંક્રમણમાં દિનપ્રતિદિન વધારો થઈ રહ્યો છે ત્યારે ગુજરાત ક્રેડાઈના ચેરમેન સંદીપભાઈ શેઠે ગુજરાત રાજ્ય ના વિવિધ ક્રેડાઈ સિટી ચેપ્ટર વતી મુખ્યમંત્રી રાહત ફંડમાં પાંચ કરોડનો સહયોગ આપવાનો નિર્ણય કરવામાં આવતા અરવલ્લી જીલ્લા ના મોડાસા એકમે અરવલ્લી જીલ્લા કલેક્ટરને ૫ લાખ રૂપિયાનો ચેક સુપ્રત કરવામાં આવ્યો હતો

આ પ્રસંગે અરવલ્લી જીલ્લા ક્રેડાઈ પ્રમુખ કમલેશ પટેલ,ચેરમેન જીતેન્દ્ર પટેલ સિટી ચેપ્ટર ના પ્રમુખ દિલીપ પટેલ,વિનોદભાઈ,હરેશભાઈ પટેલ તથા બંટીભાઈ અને મોડાસા ના બિલ્ડર્સ ધ્વારા રાષ્ટ્ર હિત મા સ્વેચ્છાએ ઉદાર હાથે સહયોગ આપ્યો હતો

અરવલ્લી જીલ્લા ક્રેડાઈ પ્રુમુખ કમલેશ પટેલ ના જણાવ્યા મુજબ રીયલએસ્ટેટ મંદી ના સમય માથી પસાર થઈ રહ્યું હતું ત્યારે કોરોના વાઈરસ થી કન્સ્ટ્રકશન ઈન્ડસ્ટ્રીઝ ને વધુ આફતો નો સામનો કરવા નો આવશે, સરકારની ગાઈડલાઈન મુજબ અગામી સમય મા કામકાજ ચાલુ કરવા મા આવશે તેમજ હરહમેંશ સરકારના આદેશ નું પાલન કરી દેશહિતની પ્રવૃત્તિમાં જોડાયેલા રહીશું તેવું યુથ ક્રેડાઈ ના પ્રમુખ નિકુલ પટેલે જણાવેલ છે

# મોડાસામાં ઘઉંની ખરીદી કરનાર વેપારીનું વે બ્રિજના વજનમાં સેટિંગ કરી ખેડૂતોને લૂંટવાના કૌભાંડનો પર્દાફાશ



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

મોડાસા માર્કેટયાર્ડમાં કેટલાક લેભાગુ વેપારીઓ એનકેન પ્રકારે ખેડૂતો સાથે છેતરપિંડી કરતા હોવાની અગાઉ અનેક બૂમો ઉઠી છે ત્યારે મોડાસા માર્કેટયાર્ડમાં હરાજીમાં એક વેપારી ખેડૂતોને ખેતપેદાશનો અન્ય વેપારી કરતા થોડો ભાવ વધુ આપ્યા પછી વે બ્રિજમાં વજનમાં સેટિંગ કરી ખેડૂતોને લૂંટવામાં આવતા જાગૃત ખેડૂતના પગલે વેપારીની પોલ ખુલી જતા ભારે હોબાળો થયો હતો વેપારીએ વે બ્રિજનો વાયર નીકળી ગયો હોવાનું કહી સમગ્ર ઘટના પર પડદો પાડવા માર્કેટયાર્ડના લોકોને સાથે રાખી જથ્થાના પુરેપુરા ચૂકવી દેતા હોબાળો સમી ગયો હતો વેપારીની ખેડૂતોને લૂંટવાની આદત યથાવત રહેતા થોડા દિવસ અગાઉ આ વેપારીને સીધો માલ વેચવા પહોંચેલા ખેડૂત સાથે વે બ્રિજમાં સેટિંગ કરી વજન ઓછું બતાવતા ખેડૂતોએ હોબાળો મચાવી માર્કેટયાર્ડના સત્તાધીશોને જાણ કરતા મોડાસા માર્કેટયાર્ડ વેપારીનું લાયસન્સ સ્થગિત કરી દીધું છે ભારતીય કિસાન સંઘે વેપારીની ખેડૂતોને લૂંટવાની કરતૂત અંગે રાજ્ય સરકારમાં લેખિત રજુઆત કરી છે

મોડાસા માર્કેટયાર્ડમાં ખરીદીનું લાયન્સ ધરાવતા યુકે ઈન્ડસ્ટ્રીઝ-જ્યોતિ રાઈસ મિલ નામની પેઢી ધારક વેપારીએ હરાજીમાં ખરીદ કરેલી ખેત પેદાશોને તેની પેઢીમાં લઈ જઈ તેના મિલમાં આવેલ વે-બ્રિજના વજન કાંટામાં સેટિંગ કરી ખેડૂતોને ઓછો જથ્થો દર્શાવી છેતરપિંડી કરી રહ્યો હતો ૨૦ માર્ચે હરાજીમાં એક ખેડૂતના ઘઉં ખરીદી કરી તેની મિલ પર લઈ ગયો હતો તેના વે બ્રિજ પર વજન કરતા ઘઉંના વજનનો જથ્થો ઓછો બતાવતા જાગૃત નાગરિકે હોબાળો મચાવતા વેપારીની પોલ ખુલી જતા ખેડૂતને ઘઉંના જથ્થાની પુરેપુરી ચુકવણી કરી દીધી હતી આ અંગે મોડાસા માર્કેટયાર્ડને જાણ કરવામાં આવતા વેપારીને તેના વે બ્રિજ પર તોલમાપ ન કરવા તાકીદ કરી બંધ કરાવ્યો હતો અને માર્કેટયાર્ડ તપાસ હાથધરી હતી વેપારીએ માર્કેટયાર્ડને અંધારામાં રાખી તેની મિલમાં આવેલ વે બ્રિજના વજન કાંટા પર વજન કરી

ઘઉંની ખરીદી શરુ કરતા થોડા દિવસ અગાઉ ખેડૂતો સાથે વજનકાંટામાં ગરબડી ઉભી કરી ઓછું વજન દર્શાવી લૂંટ ચાલુ કરતા ખેડૂતો વજનમાં આબાદ છેતરાતા હોવાનો અહેસાસ થતા હોબાળો મચાવતા લાલચુ વેપારીએ ખેડૂતને પુરેપુરા નાણાં ચૂકવી દીધા હતા ખેડૂતે આ અંગે મોડાસા માર્કેટયાર્ડમાં જાણ કરતા માર્કેટયાર્ડના સત્તાધીશોએ વેપારીનું લાયસન્સ સ્થગિત કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી કિસાન સંઘે અત્યાર સુધી આ વેપારીની છેતરપિંડીનો ભોગ બનેલા ખેડૂતોનું લિસ્ટ માંગી ન્યાય અપાવવા રાજ્યસરકારમાં રજુઆત કરી છે વર્ષે દહાડે ખેડૂતો સાથે છેતરપિંડી કરી આ લેભાગુ વેપારી લાખ્ખો કરોડો રૂપિયા ખિસ્સામાં સેરવી લેતા હોવાની ખેડૂત આલમમાં ચર્ચા ચાલી રહી છે

ખેડૂતના જણાવ્યા અનુસાર એક ટ્રેક્ટર દીઠ ૧૦ થી ૨૦ મણ ઓછો જથ્થો બતાવે તેવું વે બ્રિજમાં સેટિંગનો આક્ષેપ

યુકે ઈન્ડસ્ટ્રીઝમાં ખેડૂતોને લૂંટવા માટે વે બ્રિજના વજન કાંટામાં ટ્રેકટર દીઠ ૧૦ થી ૨૦ મણ સુધી વજન ઘટ બતાવે તે રીતે છેડછાડ કરી ખેડૂતોને આર્થિક રીતે લૂંટવામાં આવી રહ્યા હોવાનો ખેડૂતે આક્ષેપ કર્યો હતો

# અરવલ્લીના ૧૭૧ ગામોમાં ૪૧,૭૧૨ હોમિયોપેથી અને ૫૪,૫૬૩ આયુર્વેદિક ઉકાળા પેકેટનું વિતરણ કરાયું





મોટી ઈસરોલ, તા.૧૭

દેશના વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ લોકોને કોરોના વાયરસથી બચવા માટે આયુર્વેદ અને હોમિયોપેથિક ઉપાયને શ્રેષ્ઠ ગણાવ્યો છે. જે લોકોમાં રોગપ્રતિકાર શક્તિ ઓછી હોય તેવા સંજોગોમાં જ કોરોના વાયરસું સંક્રમણ વધવાની શક્યતા વધારે હોય છે તેથી આયુષ મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલ માર્ગદર્શિકા મુજબ આયુર્વેદ ઉકાળા અને હોમિયોપેથીક દવાનું વિતરણ હાથ ધરવામાં આવ્યું છે.

જે અંતર્ગત અરવલ્લી જિલલામાં નાગરિકોમાં રોગ પ્રતિકારક શક્તિ વધે તે માટે આયુર્વેદ અધિકારી શ્રીમતી પુષ્પાબેન ખરાડી અને તેમની ટીમ દ્વારા અરવલ્લીના ગામે ગામ આયુર્વેદિક ઉકાળા પેકેટસ અને હોમિયોપેથિક મેડીસીનનું વિતરણ કરવામાં આવી રહ્યુ છે. જેમાં અરવલ્લી જિલ્લાના ૫ હોમિયોપેથિક, ૧૯ આયુર્વેદિક દવાખાનાઓ મારફતે અત્યાર સુધી ૧૭૧ ગામોને આવરી લેવામાં આવ્યા છે.

અરવલ્લી જિલ્લામાં લોકડાઉનનો અમલ શરુ થયા બાદ સોશિયલ ટિસ્ટન્સીંગ જાળવી ૭૨,૧૦૬ લોકોને આયુર્વેદ ઉકાળાના ડોઝ અને ૪૧,૭૧૨ નાગરીકોને હોમિયોપેથીક દવાના ડોઝનું જિલ્લાના વિવિધ સ્થળોથી વિતરણ કરવામાં આવ્યું છે. જયારે ૫૪,૫૬૩ લોકોને ઉકાળા પેકેટસનું વિતરણ કરવામાં આવ્યું છે.





પરિવાર ની જીવનરક્ષા માટે કમાવા નીકળેલ લોકો ૧૦૦૦ કિમી જેટલું અંતર ચાલી ને પેટ ની ભૂખ મિટાવવા વતન પાછા ફર્યા.ગરીબ લોકો ની વેદના સમજે તે જ રાજનેતા અને રાજા...બાકી રાવણ રાજ...બાકી બધા શેતાન..

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.